**સુવિચાર**

આપણી ઈચ્છા, ક્રિયા અને વિચાર એક જ હોવા જોઈએ. જે બોલો છો એવું જ કરો તો શબ્દમાં શકિત આવશે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૭/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મઘ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૭૭

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## હું તો કાગળીયા લખી લખી થાકી, પ્રધાનમંત્રી તમારા મનમાં નથી

# અમરેલી ખાતે ‘‘આશાવર્કર’’ મહિલાઓનાં ધરણા શરૂ

**છેલ્લા ૧૫ દિવસથી રજૂઆતો કરીને થાકયા બાદ આશા વર્કર જિલ્લા પંચાયત પટાંગણમાં ધરણા શરૂ કર્યા**

**ફરજ માટેનાં નકકી કલાકો અને નકકી વેતન કરવાની માંગ સાથે ધરણા શરૂ**

**૨૪ કલાકમાં ગમે તે સમયે આશાવર્કરને ફરજ સોંપાતી હોવાથી મહિલાઓ નારાજ**

**ગુજરાતની મહિલાઓનાં ભાઈ પ્રધાનમંત્રી બન્યા છતાં પણ ન્યાય કયાંય મળતો નથી**



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લાનાં આરોગ્યવિભાગતાબાનીચેકામકરતાં ''આશાવર્કર'' મહિલાઓએ આજે જિલ્લા પંચાયતનાં પટાંગણમાં પ્રતિક ધરણા કરીને તેમની પડતર માંગ પૂર્ણ કરવાનીમાંગકરેલછે.

''આશાવર્કર'' મહિલાઓ છેલ્લા ૧૫ દિવસથી લેખિતઅનેમૌખિક તેમનીફરજનીકલાકોઅનેવેતનનકકી કરવાની રજૂઆત કરી રહી છે. પરંતુ સરકાર તરફથી કોઈ આશ્વાસન પણ આપવામાંઆવતું નથી.

''આશાવર્કર'' મહિલાએ જણાવ્યું કે, આશાવર્કરને ૨૪ કલાકમાં ગમે તે સમયે ફરજ સોંપવામાં આવે છે. ઓનલાઈનથી લઈને આરોગ્યલક્ષી અનેકકામગીરીસોંપવામાંઆવીરહીછે અને વધારાની કામગીરીનું કોઈ વેતન પણઆપવામાંઆવતુંનથીઅનેરદિવસ સુધી પ્રતિધ ધરણા કરવાની તૈયારી દર્શાવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આજથી ૧૦ વર્ષ પહેલા તે સમયનાં ગુજરાતનાંમુખ્યમંત્રીનરેન્દ્રમોદીએ

અનુસંધાન પાના ૬ ઉપર

### પાંચ દિવસ પહેલા સુરત ખાતેથી પરત રહેવા આવેલ

## ખાંભાનાં જામકામાં પતિએ પૈસા આપવાની ના પાડતા પત્નીએ ગળાફાંસો ખાધો

**સાડી વડે ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજયું**

અમરેલી,તા.૮,ખાંભાતાલુકાનાજામકા ગામે રહેતા દેવલતાબેન કિશોરભાઈ સોંધરવા તથા તેણીના પતિ પાંચ દિવસ પહેલા સુરત શહેર ખાતેથી જામકા ગામે રહેવા આવેલ હોય અને તેણીના પોતાના પતિપાસેપૈસારૂપિયામાંગતાતેનાપતિએ રૂપિયા નહિ હોવાનું જણાવી ના પાડતા તેણી આવેશમાં આવી ગત તા. ૬ ના રાત્રીનાસાડાદશેકવાગ્યેપોતાનાઘરેસ્લેબ વાળા રૂમમાં લોખંડના હુંકસાથેસાડીવડે પોતાનીરીતેગળાફાંસોખાઈમરણગયાનું પોલીસમાંજાહેરથવાપામેલછે.

### અમરેલી નજીક આવેલ

## શેડુભાર હરિપુરા ગામે રહેતા વૃઘ્ધાનું ઝેરી જનાવર કરડી જવાથી મોત

**સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૮, અમરેલી તાલુકાના શેડુભારહરીપુરાગામેરહેતા મુકતાબેન રાણાભાઈ કરડ નામનાં ૭૦વર્ષિય વૃઘ્ધા પોતાના ઘરે ઓફિસમાં દરવાજે બેઠેલ હોય. તેસમયેકોઈઝેરીજનાવરવૃઘ્ધાના ડાબા હાથની પહેલી આંગળીએ કરડી જતા ઝેરી અસર થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાંજાહેરથવાપામેલછે.

### ગીરકાંઠા વિસ્તારમાં રાની પશુઓ અને

## અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રખડુ શ્વાનની પરેશાની

**રીકડીયા ગામની મહિલા પર રખડુ શ્વાનનો હુમલો**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના વિસ્તારોમાં વન્ય પ્રાણીઓ છાશવારે ભુલકાઓ ઉપર હિચકારા હુમલા કરવાના અનેક બનાવો બને છે. ત્યારે શહેરી વિસ્તારમાં શેરી અને ગલ્લીઓમાં રહેતાાનહવેહિસંકબન્યા છે. ત્યારે અમરેલી નજીક આવેલ રીકડીયા ગામે મહિલા ઉપર ાનને હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરી દેતા



સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના રીકડિયા ગામે રહેતી એક મહિલા ઉપરાનેહુમલો કરી મહિલાના હાથના ભાગ પરાને બચકા ભરી લેતાં તેણીને ઈજા થવા પામેલ હોય ઘવાયેલા મહિલાને સારવાર માટે અત્રેના દવાખાને ખસેડાયેલ હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે ઉપર આવેલ

## કડીયાળી ગામ નજીક ૨ બાઈક સામસામે અથડાતા પત્નીની નજર સામે પતિ સહિત ૨ વ્યકિતનાં મોત

**મહિલાને ઈજાગ્રસ્ત હાલતમાં રાજુલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી**



અમરેલી, તા. ૮

રાજુલા-જાફરાબાદ પંથકમાંથી ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પસાર થાય છે. રાજુલા તાલુકાનાકડીયાળીગામનજીકબેબાઈક પુરપાટ સ્પીડે આવતા બંને સામસામે અથડાય અકસ્માત સર્જાતા પીપાવાવ મરીન પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ઘટનાની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ખાંભા, રાજુલા, વિકટરની ૩ એમ્બ્યુલન્સ દોડી જેમાં ૨ વ્યકિતના અકસ્માતમાં મોત થયા. ૧ મહિલા ઈજાગ્રસ્ત થઈ બંને બાઈક ચાલકો રાજુલા તાલુકાના ખેરા ગામનારહેવાસીઓહતા. હાલમૃતકોની લાશ અને ઈજાગ્રસ્ત મહિલાને રાજુલા હોસ્પિટલમાંખસેડવામાંઆવ્યાહતા.

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,690/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## મોડલ ફાર્મનાં માધ્યમથી પ્રાકૃતિક કૃષિનાં પ્રત્યક્ષ લાભોની મળે છે જાણકારી

# અરે વાહ : અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનાં ૧૦૦ મોડલ ફાર્મ બની ગયા

**ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશેનાં મુંઝવતા પ્રશ્નોનું પણ થતું સમાધાન**

**અમરેલી જિલ્લામાં તેજીથી આગળ વધતી પ્રાકૃતિક ખેતીની મૂહિમ**

**જિલ્લાનાં હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિનાં મીઠા ફળ ચાખ્યા**

**મોડેલ ફાર્મ બનાવવા માટે ખેડૂતોને રૂપિયા ૧૩.૫૦ લાખની સહાય**



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૧૦૦ મોડલ ફાર્મ બની ચૂકયા છે, પ્રાકૃતિક કૃષિના પ્રેરણાધામ. પ્રાકૃતિક ખેતીના આધાર સ્તંભોને અનુસરીને બનેલા આ મોડલ ફાર્મ એક રીતે કૃષિકારો માટે પ્રાકૃતિક કૃષિના પ્રેરણાધામ બન્યા છે. અહીં પ્રાકૃતિક ખેતીના આદર્શોને કેન્દ્રમાં રાખી ખેતી કરવામાં આવી રહી છે. આમ, મોટી સંખ્યામાં ખેડૂતો આ મોડલ ફાર્મની મુલાકાત કરી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિશે સમજ મેળવી પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત થઈ રહ્યા છે.

આ સંદર્ભે અમરેલી જિલ્લા આત્મા પ્રોજેકટ ડાયરેકટર ડી.એમ. નિનામા કહે છે કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સતત જુદા–જુદા સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પ્રત્યક્ષ લાભોની જાણકારી મળી રહે અને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરણા મળે તે માટે જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના આ મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવે છે. આ દરમિયાન પ્રાકૃતિક કૃષિ વિશેના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિને લગતા પ્રશ્નો કે પદ્ધતિ અપનાવવા પૂર્વે મૂંઝવતા પ્રશ્નોનું પણ સમાધાન મળે છે. અમરેલી જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિની મુહિમ ખૂબ તેજીથી આગળ વધી રહી છે અને હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિના મીઠાં ફળ ચાખ્યાં છે.

મોડલ ફાર્મનો દરજજો પ્રાકૃતિક કૃષિના આધાર સ્તંભ છે તેવા જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, બીજામૃત, મિશ્ર પાક પદ્ધતિ વગેરે માપદંડો પર ખરાં ઉતરે છે, ઉપરાંત પ્રાકૃતિક કૃષિ ગાય આધારિત ખેતી હોવાથી ખેડૂતો ગાયોનું પાલન પોષણ કરી શકે છે. એટલે કે, જે ખેડૂતો ગાય રાખતા હોય અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના તમામ આયામોનો ઉપયોગ કરીને ખેતી કરતા હોય તેમના ફાર્મને મોડેલ ફાર્મ જાહેર કરવામાં આવે છે.

અમરેલી જિલ્લા કલેકટર અજયદહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે ફિલ્ડ મુલાકાત પણ કરે છે. આમ, જિલ્લા પ્રાકૃતિક ખેતી માટે સાનુકૂળ પરિબળો સર્જાયા છે તેમ નિનામા ઉમેર્યુ હતુ.

ગુજરાત સરકાર પ્રાકૃતિક ખેતીના મોડલ ફાર્મ વિકસાવવા માટે ખેડૂતોને રૂા. ૧૩,૫૦૦ની સહાય પણ આપવામાં આવી રહી છે, આ સહાય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ઘન જીવામૃત બનાવવા માટે પાકું સ્ટ્રકચર બેરલ ડોલ વગેરે ખરીદવા માટે આપવામાં આવે છે. અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૧૦૦ મોડલ ફાર્મ તૈયાર થઈ ચૂકયા છે. એટલે ૧૦૦ ખેડૂતોને રૂા. ૧૩.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ બનાવવા રૂા. ૧૩.૫૦ લાખ જેટલી સહાય ચૂકવવામાં આવી છે તે ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને આત્મા પ્રોજેકટની ટીમ દ્વારા સતત જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પણ પૂરૂં પાડવામાં આવી રહ્યાં છે તેમ ડી.એમ. નિનામાએ જણાવ્યુ હતુ. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની મુહિમને આગળ વધારવા માટે આત્મા પ્રોજેકટ ડેપ્યુટી ડાયરેકટર દિલીપ ચાવડા અને ટીમ આત્મા દ્વારા સતત ખેડૂતો વચ્ચે જઈ જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

---

### જીલ્લા કોંગી ઉપપ્રમુખ રાણવાનું નિવેદન

## અમરેલી જીલ્લાનાં કોંગ્રેસ પક્ષ દ્વારા "ન્યાય યાત્રા"ના આયોજનની તૈયારી

**રાહુલ ગાંધીનાં નિવેદનની સમજ અપાશે**

અમરેલી, તા. ૮

અમરેલી જીલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાની યાદ જણાવે છે કે તાજેતરમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના હિદુઓ પરના વ્યકતવ્યનો અર્થનો અનર્થ કરીને દેશની જનતાને ગુમરાહ કરી રહેલ ભાજપ, વિશ્વ હિંદુ પરિષદ બજરંગદળના કાર્યકરો જે ગુંડાગીરી પર ઉતરી આવ્યા છે તમામ સાચી હકિકતોથી વાકેફ કરવા જીલ્લામાં પાંચ દિવસની એક 'ન્યાય યાત્રા' કાઢવાનો કાર્યક્રમ શાંતિલાલ રાણવાએ ઘડી કાઢેલ છે જીલ્લા પ્રમુખ તથા મોવડી મંડળ સાથે ચર્ચા વિચારણા કરી મંજુરી મળ્યે જીલ્લાની જનતાને સાચી પરિસ્થિતિથી વાકેફ કરવા જીલ્લા ભરના કોંગી આગેવાનો, કાર્યકરો ફોર વ્હીલ બાઈક રેલી દ્વારા ન્યાય યાત્રા કાઢવા સક્રિય થયા છે. જીલ્લા અગિયાર તાલુકા મથકો પર જાહેર સભા, લોક દરબાર, પ્રશ્નોના ઉકેલ જેવા કાર્યકરો કરવામાં આવશે. આ દરમિયાન જીલ્લાના આશરે ૨૦૦ ગામોને આવરીતે બેનરો, સ્ટીકરો, પત્રિકાઓ સાથે લોકોને જાગૃત કરવામાં આવશે. દરેક તાલુકા મથક ઉપર પ્રતિ મિડીયાને સંબોધન, કાર્યક્રમોનું લાઈવ ટેલકાસ્ટ પણ કરવામાં આવનાર છે. આ 'ન્યાય યાત્ર' જીલ્લા કોંગી પ્રમુખ પ્રતાપભાઈ દૂધાતના એમણે માર્ગદર્શન નીચે તથા જીલ્લાના પૂર્વ ધારાસભ્ય કોંગી અગ્રણીઓ તથા જીલ્લાના તમામ અગ્રણીઓના પુરા સહકાર સાથે યોજવાનું નકકી કરવામાં આવી રહ્યું છે. યાદીમાં જણાવેલ છે.

---

## બાબરા ખાતે ઈસ્માઈલી ખોજા સમાજ દ્વારા વૃક્ષારોપણ કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં ઈસ્માઈલી ખોજા સમાજના ધર્મગુરૂ નામદાર આગાખાન સાહેબના ૬૭માં તખ્તનસિન દિવસની ઉજવણી નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત બાબરા ખોજા સમાજના કબ્રસ્તાનમાં ૬૭ જેટલા વૃક્ષો વાવી તેનું જતન કરવા આહવાન કરવામાં આવ્યું હતું.

---

### નર્મદા યોજનાનું પાણી મળવાનું ન હોવાથી

## બાબરામાં આગામી ૧૦થી ૧૪ જૂલાઈ સુધી પાણી વિતરણ બંધ રહેશે

**શહેરીજનોને પાણીનો સંગ્રહ અને કરકસર કરવા અનુરોધ**

બાબરા, તા. ૮

બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા જણાવ્યુ હતુ કે, ગુજરાત સરકાર પાણી પુરવઠા શાખા અંતર્ગત ચાવંડ હેડવકર્સ તેમજ ગઢ્ડા હેડવકર્સ પર નવી લાઈનોનું જોડાણ કરવાનુ હોય જેથી અમરેલી જિલ્લાનાં નવ તાલુકામાં પાણી પુરવઠો આગામી દિવસ પાંચ (૫) એટલે તા. ૧૦/૦૭/૨૦૨૪થી તા. ૧૫/૭/૨૦૨૪ સુધી પાણી વિતરણ બંધ રહેશે. જેના અનુસંધાને બાબરા શહેરમાં પણ પાણી વિતરણ પાંચ દિવસ (૫) બંધ રહેશે અને ઉપરથી પાણી ચાલુ થશે તો રાબેતા મુજબ પાણી વિતરણ ચાલુ કરવામાં આવશે. આ સમય દરમિયાન શહેરનાં લોકો પાણીનો સંગ્રહ કરે તેમજ બિનજરૂરી પાણીનો બગાડનાં કરે તેવો જાહેર અનુરોધ પણ કરવામાં આવ્યો છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

## સાવરકુંડલા : લાયન્સ કલબના નવા વર્ષના હોદ્દેદારની વરણી



સાવરકુંડલા, તા. ૮

લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા સાવરકુંડલાની ૨૦૨૪/૨૫ ના વર્ષ માટેના હોદ્દેદારો ની વરણી કરવા માટે ની મીટીંગ લોહાણા મહાજન વાડી ખાતે તારીખ ૭/૭/રવિવાર ના રોજ મળી હતી જેમાં ડિસટીક અને સ્ટેટના લાયન્સ ગવર્નરોએ હાજરી આપી હતી તે મિટિંગમાં સર્વાનુ મતે લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા ના નવા પ્રેસિડેન્ટ તરીકે લાયન પ્રતિક નાકરાણીની વરણી કરવામાં આવી છે.

જયારે લાયન નિલેશ વાઘેલા ની વાઈસ પ્રેસિડેન્ટ, લાયન દિનેશ કારીયા ની સેક્ટરી, લાયન જતિન બનજારા ની ટ્રેજરર તરીકે વરણી કરવામાં આવેલ છે આ જાહેર થયેલ તમામ હોદેદારો દ્વારા આવનાર વષમાં સાવરકુંડલા શહેરમાં લાયન્સ ક્લબના બેનર નીચે સેવાકીય પ્રોજેક્ટો હાથ ધરવામાં આવશે અને ઈન્ટરનેશનલ લાયન્સ કલબમાં સ્થાન મેળવશે.

નવા જાહેર થયેલ તમામ હોદેદારોને કલબના મેમ્બર લાયન કરશન ડોબરીયા, લાયન દેવચંદ કપોપરા, લાયન દિપક બોઘરા, લાયન કમલ શેલાર, લાયન વિજયસિંહ વાઘેલા અને કલબના મેમ્બર્સોએ અભીનંદન પાઠવ્યા હતા. નવનિયુકત હોદેદારોએ જણાવ્યું હતું કે અમો લાયન્સ કલબનાં માધ્યમ થી સમાજના તમામ વર્ગના લોકો સુધી લાયન્સ ક્લબની સેવા પ્રવૃત્તિઓ પહોચાડવા પ્રયત્નશીલ રહીશુ.

---

### પાલિકાનાં શાસકો પ્રાથમિક સુવિધા આપવામાં નિષ્ફળ

## બગસરાનાં નટવરનગરમાં સફાઈમાં દે ધનાધન કરાતાં ગંદકીનો માહોલ

**રખડતા પશુઓની સમસ્યા પણ વિકરાળ બની**

બગસરા, તા. ૮

પાલિકા એક નંબર વોર્ડ ગણાતા નટવરનગર વિસ્તારમાં સફાઈ કામદારો દ્વારા સફાઈમાં લોલમ લોલ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે અહીંના રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જયારે એક તરફ રેઢિયાળ ઢોરનો પણ ત્રાસ હોવાથી લોકો પરેશાનીમાં મુકાઈ ગયા છે. વાહન ચલાવવું તો ઠીક પરંતુ ચાલીને જવા વાળા લોકોને પણ મુશ્કેલ બની ગયું છે ત્યારે પાલિકાને અનેક વખત રજુવાતો કરવામાં આવી છે કે રેઢિયાળ ઢોરને પાજરાપોળમાં મુકવામાં આવે પરંતુ પાલિકા દ્વારા કોય પણ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી. જયારે આ વિસ્તારમાં વધુ એક સમસ્યા સામે આવી છે કે પાલિકા દ્વારા સફાઈ કામગીરી કરવામાં આવતી હોય છે પરંતુ સફાઈ કામદારો દ્વારા ફક્ત હાજરી પૂરી અમુક જગ્યાએ સફાઈ કરે છે અને હાજરી પુરાવી પગાર લેવામાં આવે છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

જયારે આ વિસ્તારમાં જવાનો મુખ્ય માર્ગ ઉપર ઠેકઠેકાણે ગાયનાં છાણથી ગંદકી ફેલાઈ ગઈ છે. સફાઈ કામદારો દ્વારા સફાઈનાં નામે મીંડું વળી દેતા હોય તેવું લાગી રહ્યું છે. આ સફાઈ કામદારોને અહીંના રહીશો દ્વારા અનેક વખત કહેવામાં આવવા છતાં જાણે આ સફાઈ કામદારોને જાણે કોઈનો ડર જ ના હોય તેમ પોતાની મનમાની કરી સફાઈનાં નામે મીંડું વળી દેતા આ સફાઈ કામદારો ઉપર કોયની દેખરેખ નાં હોય તેમ લોલમ લોલ કામગીરીથી અહીંના રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. આવા આળસુ બની ગયેલા સફાઈ કામદારો ઉપર દેખરેખ રાખવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે અને જો સરખી રીતે કામ કરવામાં ના આવે તો આવા કામદારોનો પગાર કાપવામાં આવે તેવી માંગ ઉઠી છે.

---

# ઈનર વ્હીલ કલબનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો



અમરેલી ખાતે તાજેતરમાં ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલીનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં કલબનાં ડીસ્ટ્રીકટ પ્રમુખ શ્રીમતી ભવિતા દેઓરે (મહારાષ્ટ્ર)એ અમરેલી ઈનર વ્હીલ કલબ પ્રમુખ તરીકે ડો. મિલી ઠાકરે, જાનકી અટારા, સેક્રેટરી તરીકે શિવાની પરીખ, ખજાનચી પદે બીનાબેન મહેતા, આઈએસઓ પદે વૈભવી મહેતા અને એડિટર તરીકે બીના ગાંધીએ શપથ ગ્રહણ કરેલ.

## પાલિકા વિસ્તારથી લઈને નેશનલ હાઈવેમાં મસમોટા ગાબડાથી પરેશાની

# અમરેલી જિલ્લાનાં બિસ્માર માર્ગોની મરામત ન થાય તો આંદોલન

**કોંગ્રેસ પક્ષ દ્વારા ૩ દિવસ બાદ જિલ્લાભરમાં ચોંકાવનારૂ આંદોલન શરૂ કરવામાં આવશે**

**જયાં માર્ગ ઉપર ગાબડા હશે તે સ્થળે કોંગ્રેસ પક્ષ બેનર લગાવશે**

**માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓની મિલ્કતની તપાસની પણ કરાશે માંગ**

**જિલ્લાની જનતાં ભ્રષ્ટાચાર નામની બલ્લાની ચુંગાલમાં ફસાઈ હોય કોંગ્રેસ પક્ષ આવશે મદદે**

અમરેલી, તા. ૮

અમરેલી બાયપાસ હમીરજી સર્કલ લાઠી તેમજ કુંકાવાવ તરફ જતાં નવા બનેલા બંને પુલની આસપાસ અને શહેરમાંથી પસાર થતાં રાજય ધોરી માર્ગ ઘણા બિસ્માર બનેલ છે. જિલ્લામાંથી પસાર થતાં મોટાભાગનાં રાજય ધોરી માર્ગ બિસ્માર બનેલ છે અને મોટા ખાડાના કારણે વાહનચાલકો ભારે મોટી મુશ્કેલી અનુભવી રહ્યા છે. છાશવારે ખરાબ રસ્તાઓને કારણે અકસ્માત પણ થઈ રહ્યા છે. આ બાબતે અવાર-નવાર રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. દિન-૩ માં આ રસ્તાઓ રીપર કરવામાં નહી આવે તો રાજયનાં માર્ગ-મકાન મંત્રી (મુખ્યમંત્રી) જે તે વિસ્તારના સ્થાનિક ધારાસભ્યની નનામી સાથે સૌનો સાથ અને સૌનો વિકાસ નેજા નીચે વર્ષોથી ચાલતી ગુજરાત સરકાર તરફથી ખરેખર વિકાસ થયો છે કે કેમ ? તેનો પર્દાફાશ કરવા વર્ષોથી ચાલતી શાસક પાર્ટીનાં વિકાસના પક્ષના બેનર સાથે જે રસ્તા પર ખાડો હશે ત્યાં આ પક્ષનું બેનર ખોડી અને લોકોને ખરેખર વિકાસ છે કે કેમ ? તેની જાગૃતિ લાવવા માટે કોંગ્રેસ પક્ષ ધ્વારા જિલ્લાનાં જુદા-જુદા તાલુકા મથકો ઉપર અને જે રસ્તાઓમાં ખાડા પડયા છે ત્યાં કાર્યક્રમ રાખવામાં આવશે તેમજ આ રસ્તાઓ ઉપરનાં સ્થાનિક એસઓ અને ડીઈઈ તેમજ કાર્યપાલક ઈજનેરની ઉચ્ચ લેવલેથી એસીબી મારફત તેમની મિલ્કતોની તપાસ માટેનો સરકારને દબાણ કરી તાત્કાલીક તપાસ કરવા અને આ રસ્તાઓ રીપેર કરવા માટેની માંગણી સાથે રાજયનાં મુખ્યમંત્રીને જિલ્લા સમાહર્તા મારફત આવેદનપત્ર આપવા માટેનો કાર્યક્રમ યોજવાનું નકકી કરેલ છે. દિન-૩ માં જો આ રસ્તાઓ રીપેર નહી થાય તો તેની સંપૂર્ણ જવાબદારી જિલ્લાના રસ્તા વિભાગના વડાની રહેશે. નેશનલ હાઈવેને સોપેલા રસ્તા હોય તો તેમના પણ અધિકારીઓને તેમજ સ્થાનિક નગરપાલિકા સાથે રસ્તાઓ રીપેર કરવા માટેની અને રસ્તાઓ તોડીને પાઈપલાઈન નાખી જે સરેરાસ કર્યા છે તે તાકીદે રીપેર કરવા માટે માંગણી કરવામાં આવી છે.

### ''માનવસેવા એ જ પ્રભુ સેવા''નાં ધ્યેય સાથે

## ધારી ખાતે લાયન્સ કલબ અમરેલી (સીટી), વિહિપ અને બજરંગદળ દ્વારા નેત્રયજ્ઞ યોજાયો

**૧૧૧ દર્દીઓએ સેવાકાર્યનો લાભ લીધો**

અમરેલી, તા. ૮

લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી), વિશ્વહિન્દુ પરિષદ, બજરંગદળના સંયુકત ઉપક્રમે વિનામુલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ એન.એમ. દામાણી હાઈસ્કુલ, ધારીખાતે વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ તા.૦૭/૦૭/૨૦૨૪ને રવિવારને અષાઢબીજનાં પાવન દિવસે આયોજન કરાવેલ હતુ. આ કેમ્પની અંદર ૧૧૧થી પણ વધારે દર્દીઓએ ચક્ષુતપાસ કરાવેલ તદઉપરાંત ૧૦ જેટલા દર્દીઓના ઓપરેશન તેમજ ૨૭ દર્દીને ચશ્મા વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ હતુ.

આ કેમ્પની અંદર આંખના રોગો જેવા કે મોતીયો, ઝામર, વેલ, પરવાળ, ત્રાસીઆંખ, આંખની કીકી તથા પડધા સબંધી તમામ સમસ્યાઓનુ નિષ્ણાંત ડોકટરો દ્વારા નિરાકરણ કરવામાં આવેલ હતુ.



આ કેમ્પને સફળ બનાવવામાં માટે લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) તરફથી પ્રમુખ લા.મનોજભાઈ કાનાણી, સેક્રેટરી લા.ભદ્રેસિંહ ઉપાધ્યાય, ખજાનચી લા.સાહસભાઈ ઉપાધ્યાય, સીનીયર મેમ્બર નિલેશભાઈ ભીલ, જયેશભાઈ પંડયા, એમ.એમ. પટેલ, વિનુભાઈ આદ્રોજા, સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ તેમજ કાર્યક્રમનાં સ્થાનીક આયોજક શિવરાજભાઈ વાળા, બજરંગદળના યશભાઈ જોષી, માતૃશકિત સહસંયોજક પુર્વીબેન ત્રિવેદી, આશાબેન રાઠોડ તથા આ કાર્યક્રમને સહયોગ આપનાર સુદર્શન નેત્રાલય અમરેલી સ્ટાફગણ જહેમત ઉઠાવેલ હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી)ની અખબાર યાદીમાં જણાવાયેલ છે.

### કોંગી ઉપપ્રમુખ પૌકિયાની રજુઆત

## શેડુભાર ખાતે એસબીઆઈનું એટીએમ શરૂ કરવા માંગ

**બ્રાન્ચ મેનેજરને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૮

અમરેલીનાં શેડૂભાર ખાતે આવેલ એસબીઆઈના એટીએમને શરૂ કરવા તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પૌકીયાએ માંગ કરેલ છે.



બ્રાન્ચ મેનેજરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાનાં શેડુભાર ગામે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચ આવેલ હોય અને આ બ્રાન્ચમાં આજુબાજુના ગામડાઓ જેવા કે ખીજડીયા રાદડિયા, હરીપુરા, મોટા માચીયાળા અને શેડુભારને ગામના લોકોને બેન્ક ખાતા જેવા કે સેવિંગ એકાઉન્ટ, કે.સી.સી. પાક ધિરાણ એકાઉન્ટ, ફિકસ ડિપોઝિટ, લોન ખાતા વગેરે ખાતા ધારકની સંખ્યા ખૂબ જ મોટા પ્રમાણમાં છે અને આપની શાખા દ્વારા ખૂબ જ સારી સુવિધા એ.ટી.એમ. મશીન અહીં મુકેલ છે.

પરંતુ છેલ્લા ઘણા આ મશીન બંધ હાલતમાં હોય તો ગામડાઓના હિસાબે અહીં નાની રકમ ઉપાડનારની સંખ્યામાં ખૂબ જ મોટા પ્રમાણમાં હોય તો બંધ પડેલ હાલતમાં એ.ટી.એમ. મશીનને વહેલી તમે શરૂ કરવા માટે આપ સાહેબને વિનંતી સહ ભલામણ કરૂં છું .

### નાની સિંચાઈ યોજના અંતર્ગત

## લાઠીનાં ધામેલ આસપાસનાં ખેડૂતોને માઈક્રો ઈરિગેશનથી પાણી પહોંચાડવા માંગ

**ધારાસભ્ય તળાવીયાએ પાણી પૂરવઠા મંત્રીને પત્ર પાઠવ્યો**

લાઠી, તા.૮

લાઠીનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા વિસ્તારનાં પ્રશ્નને લઈને હંમેશા લોકોની સેવામાં ખડે પગે જોવા મળતા હોય છે. ધામેલ નાની સિંચાઈ યોજના તેમજ હાલ કેનાલથી સિંચાઈ થતી ન હોવાથી આ યોજનાને માઈક્રો ઈરીગેશનમાં સમાવેશ કરવામાં આવે અને પાણી આપવામાં આવે તે અંગે ધારાસભ્ય દ્વારા જળ સંપતિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પત્ર લખી અંગત ભલામણ કરી હતી.



લાઠી-બાબરા વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ દ્વારા લખવામાં આવેલ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, લાઠી તાલુકામાં કુલ-૫ નાની સિંચાઈ યોજના આવેલી છે. તેમજ કોઈ મોટો ડેમ આવેલ નથી જેથી લાઠી તાલુકામાં સિંચાઈનાં પાણી માટે આ નાની સિંચાઈ યોજના ઉપર નિર્ભર છે. જેથી આ નાની સિંચાઈ યોજનાઓ પૈકી ધામેલ નાની સિંચાઈ યોજના તેમા હાલ કેનાલથી સિંચાઈ થતી નથી જેથી આ યોજના હેઠળ આજુબાજુનાં વિસ્તારનાં ખેડુતોને માઈક્રો ઈરીગેશન નેટવર્કથી પાણી આપવામાં આવે તો પાણીનો બગાડ ઓછો થઈ શકે અને સિંચાઈની સુવિધામાં વધારો કરી શકાય જેથી આ ધામેલ યોજનાને માઈક્રો ઈરીગેશન યોજનામાં સમાવેશ કરવા જરૂરી સર્વે કામગીરી કરાવી ઝડપથી યોજનાની કામગીરી શરૂ કરાવવામાં આવે તેવી અંગત ભલામણ કરવામાં આવી છે

આ યોજનાને માઈક્રો ઈરીગેશનમાં સમાવેશ કરવામાં આવશે તો આસપાસનાં અનેક ખેડૂતોને ફાયદો થશે. ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલ રજૂઆતથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

## ચાંદગઢમાં અષાઢી બીજની ઉજવણી

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાનાં ચાંદગઢ ગામે દર વર્ષની માફક આ વર્ષે પણ અષાઢી બીજની ભવ્યાતિ ભવ્ય રીતે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ ગામના ધાર્મિક મંદિરો ધ્વજા-શ્રીફળ-બદલી ચડાવેલ. ધ્વજા-શ્રીફળ ભરતભાઈ દાદભાઈ ખુમાણ તરફથી આપવામાં આવેલ. ત્યાશબાદ ગામના તમામ બાળકોને બે વાર (૨ વાર) બટુક ભોજન દાનબાપુની ડેરી (મંદિરો) કરાવવામાં આવ્યું. બપોરે અમરૂભાઈ તથા કનુભાઈ ખુમાણ તરફથી ગામના તમામ બાળકોને ગુંદી-ગાંઠીયા તથા દાનબાપુની ડેરી (ખીર) સાથે સુકીભાજી આપવામાં આવેલ. આવી જ રીતે સાંજે સમસ્ત ગ્રામજનોના સહકારથી રામજી મંદિર તમામ બાળકોને ગુંદી- ગાઠીયા આપવામાં આવેલ. સાથે સાથે ગામના શ્વાન કુતરાને પણ લાડુ ખવડાવવામાં આવેલ. સમગ્ર આયોજન સમગ્ર ગ્રામજનોના સહકારથી કરવામાં આવેલ તેમ રામજીમંદિરના ધરમદાસ બાપુ તથા ચાંદલગઢની પત્રકારથી ગીરીશભાઈ ઠાકરની સંયુકત યાદીમાં જણાવાયું છે.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

## અમરેલી ભાજપ શાસિત પાલિકા ભ્રષ્ટાચારનો અખાડો બની ગયું

**સાયકલ નહોતી તે કારમાં ફરતા થઈ ગયા**

અમરેલી, તા.૮

અમરેલી નગર પાલિકામાં જયારથી ભાજપનુ શાસન આવ્યુ ત્યારથી જ ભ્રષ્ટાચાર બેફામ થવા લાગ્યો છે અને આ ભ્રષ્ટાચાર કરવામાં ખુદ ભાજપના શાસકો સામેલ છે. અમરેલી શહેર જનતા પાસેથી બેફામ વેરો વસુલ કરતા ભાજપના શાસકો અમરેલી શહેરની જનતાને સુવિધા આપવામાં પાંગળા સાબિત થયા છે. અમરેલી નગરપાલિકા ભાજપ શાસકો પાસે આજથી ત્રણ વર્ષ પૂર્વે સારી મોટરસાયકલ પણ નહોતી તેની પાસે આજે લાખો રૂપિયાની કિંમત ફોર વ્હીલર કાર થઈ ગઈ છે. આ બધા રૂપિયા નગરપાલિકામાં ભ્રષ્ટાચાર આચરીને મેળવેલા છે. નગરપાલિકાના ભાજપના શાસકોએ અમરેલી શહેરમાં સારા બ્લોક રોડ હતા તે કાઢીને ફરી પાછા નવા બ્લોક રોડ બનાવીને જુના બ્લોનું બારોબાર વેચાણ કરીને કરોડો રૂપિયાનાં ભ્રષ્ટાચાર કરેલ છે. અમરેલી શહેરમાં ડોર ટુ ડોર કચરાનું કલેકશન તથા જાહેર જનતાને સફાઈના મહિને કરોડો રૂપિયાના ખોટા બિલ મૂકીને એજન્સી સાથે મિલી ભગત કરીને ભાજપના શાસકો અમરેલી શહેરી જનતાને ચુનો લગાડવાનુ કામ કર્યુ છે. અમરેલી શહેરોની ભૂગર્ભ ગટર અવારનવાર ઉભરાતા જોવા મળે છે. જેની સાફ સફાઈ તથા મેન્ટેનન્સ પાછળ મહિને લાખો રૂપિયાના બિલ ભાજપના શાસકો દ્વારા મૂકીને ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. આમ અમરેલી નગરપાલિકાને ભાજપનાં શાસકોએ ભ્રષ્ટાચારનો અખાડો બનાવી

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક
વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા
દ્વારા ગોલ્ડ લોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















# ગિરનું સુપ્રસિધ્ધ પીરાણું સત્તાધારધામ ખાતે પરંપરાગત રીતે અષાઢી બીજની ઉજવણી


ગુજરાતનાં વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અને કરોડો લોકોનાં આસ્થાનું કેન્દ્ર ગાંડી ગિરનું પીરાણુ એવા પૂ.આપાગીગાનીજગ્યાસત્તાધારધામમાં પરંપરાગત રીતે લાખો સેવકો–શ્રધાળુઓની ઉપસ્થિતિમાં અષાઢી બીજની ઉજવણી કરવામાં આવી હતી. પરંપરા અનુસાર સમગ્ર ગધ્ધઈ સમાજ દ્વારા નિશાન (ધ્વજારોહણ) ચડાવવામાં આવ્યું હતું. જગ્યાનાં મહંત પૂ. વિજયબાપુનાં માર્ગદર્શનમાં યોજાયેલ ધ્વજારોહણમાં ગુજરાત સરકારનાં કેબીનેટ મંત્રી કુવરજીભાઈબાવળિયા,પૂ.આપાગીગાનાં પરિવારનાં મોટાભાઈ સંવટ સહિત યુનુસભાઈ લલિયા તેમજ વિવિધ સમાજનાંઆગેવાનોનીવિશેષ ઉપસ્થિતિ રહી હતી. પરંપરાગત રીતે પૂજા અર્ચનાં કરીનેવિધિવત ધ્વજારોહણકરવામાંઆવ્યું હતું. આ ધર્મ પ્રસંગે હૈયે હૈયું દળાય એટલું માનવ મહેરામણ ઊમટી પડયું હતું.તેમજ શ્રધ્ધાળુઓએ સમાધિ સ્થાન પર શિશ ટેકવીને ધન્યતા અનુભવી હતી. મહંત પૂ. વિજયબાપુનાં માર્ગદર્શનમાં સ્વયંમ સેવકો સેવાઆપવા માટેખડે પગે રહ્યાંહતા.બીજ મહોત્સવનાં પ્રસંગે ધ્વજારોહણ, મહાઆરતી, સંતવાણી સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે લાખો લોકોએ ભોજન–પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.આ તકે હડમતિયા કાળુબાપુનાં આશ્રમેથી ૩૦૦૦ જેટલા સેવકો પણ ધ્વજારોહણ માટે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

### NEET પેપર લીક મુદ્દે સુપ્રીમ કોર્ટે કહ્યું

## પેપર લીક થયું છે પણ બે વિદ્યાર્થી ની ગેરરીતિના કારણે પરીક્ષા રદ ન કરાય

### બેંચે તમામ પક્ષકારોની દલીલો સાંભળવ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય લીધો : આ મામલે કુલ ૩૮ અરજી પેન્ડિંગ

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટમાં આજે NEET પેપર લીક મામલે સુનાવણી હાથ ધરાઈ હતી. NEETની પરીક્ષામાં ગેરરીતિ અંગે અનેક અરજીઓ સુપ્રીમકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ, જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચ આ મામલે આજે સુનાવણી હાથ ધરી હતી. જોકે બેંચે તમામ પક્ષકારોની દલીલો સાંભળવ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ મામલે કુલ ૩૮ અરજીઓ પેન્ડિંગ છે. NEET પેપર લીક મામલે સીજેઆઈએ પૂછ્યું કે આ પેપર લીકને કારણે કેટલાં વિદ્યાર્થીઓના પરિણામ રોકવામાં આવ્યા? ક્યાં છે વિદ્યાર્થીઓ? ૨૩ જૂને ૧૫૬૩ વિદ્યાર્થીઓની પરીક્ષા ફરી લેવાઈ હતી. શું હજુ પણ આપણે ખોટું કામ કરનારાઓને શોધી રહ્યા છીએ? શું વિદ્યાર્થીઓ મળ્યાં? અમારા મતે તો પરીક્ષા રદ કરવી એ જ અંતિમ ઉપાય રહેશે કેમ કે તેમાં ઘણાં વિદ્યાર્થીઓ સામેલ છે. સીજેઆઈએ કહ્યું કે, ‘પેપર લીક થયું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, પરંતુ સવાલ એ છે કે, તેનો વ્યાપ કેટલે સુધી પહોંચ્યો છે. આપણે એ સમજવાની જરૂર છે કે, પેપર લીકનો વ્યાપ કેટલો છે? માત્ર બે વિદ્યાર્થીઓએ કરેલી ગેરરીતિના કારણે આખી પરીક્ષા રદ ન કરી શકાય. અમે એ જાણવા માંગીએ છીએ કે, પેપર લીકના આરોપીઓને ઓળખવા માટે એનટીએ અને સરકારે અત્યાર સુધીમાં શું પગલા ઉઠાવ્યા છે.પેપર લીક થયું એ વાત તો સાચી જ છે. પણ અમે એ જાણવા માગતા છીએ કે તેની અસર કેટલા લોકોને થઈ કેમ કે અમને ૨૩ લાખ વિદ્યાર્થીઓની ચિંતા છે. જેમણે આ પરીક્ષા આપવા માટે સારી એવી તૈયારી કરી હતી. અનેક લોકો એવા હશે જેમણે પરીક્ષાની તૈયારી કરી, અનેકે પેપર આપવા માટે મુસાફરી પણ કરી.

તેમાં ખર્ચો પણ થયો હશે.બેંચે પૂછ્યું કે, અમારી સાયબર ફોરેન્સિક ટીમ કઈ પ્રકારની ટેક્નોલોજી ધરાવે છે. શું આપણે તમામ શકમંદોનો ડેટા તૈયાર ન કરી શકીએ? આ પરીક્ષામાં જે કંઈપણ થયું અને અમે જે પગલાં ઉઠાવી રહ્યા છીએ, તેના કારણે હવે પેપર લીક ન થવું જોઈએ. આ મુદ્દે ચીફ જસ્ટિસે કહ્યું કે, આ મુદ્દે નિર્ણય લેવા કોઈ નિષ્ણાતને સામેલ ના કરી શકાય?

આ વિષયમાં અમે જાતે જ ના પાડવા નથી માંગતા અને આપણે એ પણ ધ્યાન રાખવું પડશે કે, ભવિષ્યમાં આવી વાત ન થવી જોઈએ. તેમણે કહ્યું કે, અમે સરકાર પાસેથી એવું જાણવા માંગીએ છીએ કે, આ મામલે સરકારે શું કર્યુ ? ૬૭ વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા મળ્યા છે.

આપણે સમજવું પડશે કે, માર્ક આપવાની રીત શું છે ?સીજેઆઈએ તમામ અરજદારોના વકીલોની દલીલો સાંભળ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ દરમિયાન સીજેઆઈ વકીલોને કહ્યું છે કે, તેઓ આગામી સુનાવણી દરમિયાન પરીક્ષા ફરી કેમ યોજવી જોઈએ, તેવી દલીલ રજુ કરે. તેમણે સરકારને પણ પરીક્ષાની તારીખોની સંપૂર્ણ યાદી આપવા આદેશ કર્યો છે. આ સુનાવણીમાં સીબીઆઈ સ્ટેટસ રિપોર્ટ પણ દાખલ કરી શકે છે.

### અમને માત્ર વ્યવસ્થા સંભાળવા કહેવાયું હતું : પોલીસ

## ભાજપ સાંસદે જીતની ખુશીમાં દારૂ પાર્ટી આપતા ટોળું બેકાબુ

### દારુ વહેંચાતો હોવાનો વીડિયો વાયરલ : પોલીસે કહ્યું- અમારો વાંક નથી, આબકારી વિભાગની જવાબદારી

બેંગલુરુ, તા.૮

બેંગલુરુના ચિક્કર બલ્લાપુર બેઠક પરના ભાજપ સાંસદે જીતની ખુશીમાં દારુની પાર્ટી આપી હોવાનો વીડિયો વાયરલ થયો છે. આ ઉપરાંત જ્યાં દારુ વહેંચાઈ રહ્યો છે, ત્યાં પોલીસનું વાહન પણ જોવા મળી રહ્યું છે. આ મામલે એવી પણ માહિતી સામે આવી છે કે, સાંસદે જ પોલીસ વિભાગ પાસે દારુ વહેંચવાની મંજૂરી માંગી હોવાનો પત્ર લખ્યો હતો, ત્યારબાદ તેમને મંજૂરી મળી છે. તો બીજીતરફ વિવાદ વધ્યા બાદ પોલીસે પણ નિવેદન આપ્યું છે.મળતા અહેવાલો મુજબ લોકસભા ચૂંટણીમાં જીત થયા બાદ ચિક્કરબલ્લાપુર બેઠક પરના સાંસદ કે.સુધાકરને દારુની પાર્ટી રાખી હતી, તેનો વીડિયો સોશિયલ મીડિયા પણ વાયરલ થયો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, સાંસદની જીતની ખુશીમાં મફત દારૂ અપાઈ રહ્યો છે અને લોકોની લાઈન પણ લાગી છે.આ મામલે ફરિયાદ થયા બાદ પોલીસે પણ નિવેદન આપ્યું છે. પોલીસે કહ્યું છે કે, આમાં અમારો વાંક નથી, આ ઈક્રમટેક્સ વિભાગની જવાબદારી છે. બીજીતરફ એક સમાચાર એજન્સી દ્વારા પણ વીડિયો શેર કરાયો છે, જેમાં લખાયું છે કે, ‘લોકસભા ચૂંટમીમાં ભાજપ સાંસદ કે.સુધાકરની જીતની ખુશી ઉજવતા લોકો દારુ લેવા માટે લાઈનમાં લાગ્યા છે.’ જ્યારે આ મામલો વધ્યો તો પોલીસે કહ્યું કે, ‘પોલીસને માત્ર વ્યવસ્થા સંભાળવા માટે કહેવાયું હતું, કોણ દારુ પી રહ્યું છે, તે ઈક્રમટેક્સ વિભાગ જોશે.’આ મામલે વિવાદ વધ્યા બાદ બેંગુલુરુ ગ્રામીણના પોલીસ અધિક્ષક સી.કે.બાબાએ કહ્યું કે, ‘ઈન્કમટેક્સ વિભાગે જ દારૂ વહેંચવાની મંજૂરી આપી છે અને પોલીસને વ્યવસ્થા સંભાળવાનો નિર્દેશ આપ્યો છે.’ આ મામલે એવા અહેવાલો સામે આવ્યા છે કે, સુધાકરે દારુની પાર્ટી યોજવા માટે પોલીસ વિભાગને પત્ર લખ્યો હતો, જેમાં તેમણે સુરક્ષાની માંગણી કરવાની સાથે લખ્યું હતું કે, પાર્ટીમાં દારુ વહેંચવામાં આવશે. સુધાકરનો એક પત્ર પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં પોલીસ વિભાગને લખાયું છે કે, ‘સ્થળની વ્યવસ્થા સંભાળો અને અહીં દારુ વહેંચવામાં આવશે. બપોરે ૧૨.૩૦ કલાકે કાર્યક્રમ શરૂ થશે અને ભોજન તથા દારુની વ્યવસ્થા કરવામાં આવશે.’

### અમરેલી જિલ્લાની મહિલાઓએ પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી

## સરગવાની પ્રાકૃતિક કૃષિ કરી અને પાવડર દ્વારા મૂલ્યવર્ધન કરવાનું માર્ગદર્શન મેળવતી મહિલાઓ

### ૨૧ સ્થળો પર ૬૩૦ મહિલાઓને પ્રાકૃતિક કૃષિની તાલીમ દ્વારા રસાયણમુકત ખેતી તરફ વાળવાનો પ્રયાસ



અમરેલી, તા.૮

રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ટકા પ્રાકૃતિક કૃષિ આધારિત ગુજરાત બનાવવા માટે રાજય સરકાર દ્વારા મિશન મોડ પર પ્રયત્નો થઈ રહ્યા છે. આ અભિયાનને વેગ આપવા માટે અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.મહિલાઓને પ્રાકૃતિક કૃષિના આ ભગીરથ કાર્યમાં જોડી અને તેમને રસાયણમુકત ખેતી સાથે જોડવા માટે જિલ્લાભરમાં પ્રાકૃતિક કૃષિની તાલીમનું આયોજન કરવામાં આવ્યુ છે. દરમિયાન સોમવારે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વંડા મુકામે સરગવાની પ્રાકૃતિક ખેતી કરીને તેના પાઉડરનું વેચાણ કરતા પ્રગતિશીલ ખેડૂત જગદીશભાઈ તળાવીયાના ખેતરની મુલકાતે સાવરકુંડલાના સખી મંડળના બહેનો આવ્યા હતા.આ તાલીમ અંતર્ગત મહિલાઓને પ્રાકૃતિક કૃષિ દ્વારા સરગવાની ખેતી અને તેના મુલ્ય વર્ધન અંગે માહિતી આપવામાં આવી હતી. આ અંગે માહિતી આપતા એસપીએનએફ એસોસિએશનનાં જિલ્લા સંયોજક, ભીખુભાઈ પટોળીયાએ જણાવ્યુ હતુ કે, પ્રાકૃતિક ખેતીની માહિતી મળી શકે તેવા ઉદેશયથી જિલ્લામાં ૨૧ સ્થાનો પર પ્રત્યેક ઠેકાણે ૩૦ મહિલાઓન એમ કુલ ૬૩૦ મહિલાઓને પ્રાકૃતિક ખેતી અને તેના દ્વારા તૈયાર થતી બનાવટો અંગે ખેડૂતો પાસેથી તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતી અપનાવી અને અમરેલી જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો જોડાઈ રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં અમરેલી જિલ્લો પ્રાકૃતિક કૃષિક્ષેત્રે પણ અગ્રેસર બને તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે.

## હિન્દુઓને હિંસક કહેનાર રાહુલ ગાંધીને મહારાષ્ટ્રના મંદિરે અલગ રીતે જવાબ આપ્યો

મુંબઈ, તા.૮

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧૮મી લોકસભાના પ્રથમ સત્રમાં પોતાના પ્રથમ પ્રવચન દરમિયાન હિન્દુઓને હિંસક કહ્યા હતા. તેની સામે હવે મહારાષ્ટ્રના એક મંદિરમાં અલગ રીતે વિરોધ જોવા મળી રહ્યો છે.મહારાષ્ટ્રમાં એક મંદિરના પગથિયાં ઉપર રાહુલ ગાંધીનું પગલૂછણીયાના સ્થાને પોસ્ટર મૂકવામાં આવ્યું છે અને તેના ઉપર સમગ્ર હિન્દુ સમાજ વતી આક્રોશજનક લખાણ લખવામાં આવ્યું છે. મરાઠી ભાષામાં લખવામાં આવ્યું છે કે, ‘‘હિન્દુઓને હિંસક અને છેડતી કરનારા કહેવાની તમારી હિંમત કેવી રીતે થઈ?’’ સીડીમાં લાગેલા રાહુલના આ પોસ્ટરનો વીડિયો દેશ અને દુનિયામાં ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, ૧૮મી લોકસભાના પ્રથમ સત્રમાં રાષ્ટ્રપતિના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો પ્રારંભ વિરોધપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીએ કર્યો હતો. ત્યારે રાહુલ ગાંધીએ લોકસભાની અંદર કહ્યું હતું કે, હિન્દુઓ હિંસક હોય છે. રાહુલ ગાંધીનું નિવેદન આ પ્રમાણે હતું, ‘‘જે લોકો પોતાને ચોવીસે કલાક પોતાને હિન્દુ કહે છે તેઓ હિંસક હોય છે, ધિક્કાર ફેલાવે છે, અસત્ય બોલે છે.’’ કોંગ્રેસ નેતાના આ નિવેદનથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના નેતાઓએ સંસદમાં હોબાળો મચાવી દીધો હતો. પીએમ નરેન્દ્ર મોદીએ તત્કાળ ઊભા થઈને રાહુલ ગાંધીના આ નિવેદન સામે વિરોધ નોંધાવ્યો હતો અને કહ્યું હતું કે, સમગ્ર હિન્દુ સમાજને હિંસક કહેવો એ ખોટું છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે પણ રાહુલ ગાંધીના આ નિવેદનને પડકાર્યું હતું અને દેશના હિન્દુઓની માફી માગવા માગણી કરી હતી.

# જેસીંગપરામાં બ્રહ્માકુમારી દ્વારા નટ બજાણીયા સમાજનાં ૩૦૦ ભાઈ–બહેનોએ નશા મુકિત શપશ લેવરાવાયા




અમરેલી જેસીંગપરા ખાતે આવેલ નટ બજાણીયા સમાજનાં નિવાસ સ્થાને જઈ ૩૦૦ ભાઈ–બહેનો બ્ર.કુ. અર્ચનાબેને જણાવેલ કે દિવ્યગુણ સંપન્ન સતયુગી રાજકુમાર શ્રી કૃષ્ણ અથવા આસુરી અવગુણવાળા વ્યસનરાજ બનવુ છે. સભામાં હાજર રહેલ તમામે એકી અવાજે રાજકુમાર શ્રી કૃષ્ણ બનવા પ્રતિજ્ઞા લીધી તથા ઘણા ભાઈઓએ આજથી જ વ્યસન ન કરવા જણાવેલ. આ નટ બજાણીયા સમાજના ભાઈ બહેનોએ બ્રહ્મકુમારી ભાઈ–બહેનોનુ નગારા ઢોલ વગાડી ફૂલોની વર્ષા કરી ભવ્ય સ્વાગત કરેલ. આ સમયે નટ બજાણીયા સમાજનાં પ્રમુખ શ્યામશીગ મોહનભાઈ બજાણીયાએ બ્રહ્માકુમારી બહેનોને શાલ ઓઢાડી સન્માનિત કરેલ. બ્ર.કુ. જયંતિભાઈ પટોળીયા તથા બ્રહ્મકુમારી જેસીંગપરા મનમના ભવન સેન્ટરના ભાઈ બહેનોએ નશા મુકત નાટક દ્વારા સંદેશો આપેલ.

# અમરેલી ખાતે એનડીઆરએફ દ્વારા આપતિ પ્રબંધન માટેની તૈયારીઓનું નિદર્શન






જુલાઈ-૨૦૨૪ (શનિવાર) અમરેલીનાં ડિઝાસ્ટર ઈમરજન્સી ઓપરેશન કેન્દ્ર ખાતે એનડીઆરએફની ટીમ દ્વારા આપત્તિ પ્રબંધન માટેની પૂર્વ તૈયારીઓ અને સાધનોનુંનિદર્શન કરવામાં આવ્યુંહતું. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ આપત્તિ સમયે જનતાની સુરક્ષા અને તાકીદનાં સમયે એનડીઆરએફની તૈનાતી અને તેમની કામગીરીનીસમજઆપીજનજાગૃત્તિ કેળવવાનો હતો. આ પ્રદર્શન દરમિયાન એનડીઆરએફની ટીમે વિવિધ આપત્તિઓમાં શું કરવું? અને શું ન કરવું? તે વિશેવિસ્તારપૂર્વક માહિતી આપી હતી. આ પ્રસંગે અમરેલી વડીયા કુંકાવાવ પ્રાંત અધિકારી નાકિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સકસેના, અમરેલી તાલુકા મામલતદાર નિમ્બાર્ક, મામલતદાર (ડિઝાસ્ટર), ડી.પી.ઓ. સહિતનાં અધિકારી-કર્મચારીઉપસ્થિતરહ્યાહતા. એનડીઆરએફની ટીમ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા ઉપકરણો અનેતકનીકોનું નિદર્શન કરવામાં આવ્યુંહતું. આ નિદર્શન દરમિયાન અધિકારીઓએ એનડીઆરએફની પ્રતિક્રિયા ક્ષમતાની પ્રશંસા વ્યક્ત કરી હતી અને આપત્તિનાં સમયમાં એનડીઆરએફની ભૂમિકાને બિરદાવી હતી. આપત્તિનાં સમયમાં એનડીઆરએફનીસમર્પણભાવેસેવામાટે અભિનંદન આપ્યા હતા. આ તકે એનડીઆરએફનાં જવાનોએ જન સામાન્યને આપત્તિ પ્રબંધનમાટે જાગૃત્ત રહેવાઅનેએનડીઆરએફની માર્ગદર્શિકા અનુસરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, આપ્રકારનાંનિદર્શનોથી આપત્તિપ્રબંધનમાટેનીલોકજાગૃત્તિ કેળવવામાંઅનેતૈયારીઓમાંવધારોથાયછે. જેથી જિલ્લાને આપત્તિ સમયે વધુ સુરક્ષિતઅનેસલામતબનાવવામાંમદદ મળી રહેશે.

## અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનું બી.એ. સેમ-૪નું શ્રેષ્ઠ પરિણામ





અમરેલી, તા.૮

અમરેલીશહેરનીમધ્યમાંચિતલ રોડઉપરછેલ્લા૩૩વર્ષથીકાર્યરત, શિક્ષણક્ષેત્રે તથા સામાજીક સેવાના ક્ષેત્રે પ્રદાન કરતી, એકમાત્રગ્રાન્ટેડમાતુશ્રીમોંઘીબાઆર્ટસકોલેજ, અમરેલીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એપ્રિલ ૨૦૨૪માં આયોજીત બી.એ. સેમ-૪ની પરીક્ષામાંનીચેદર્શાવેલવિદ્યાર્થીઓએપ્રથમત્રણ ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનુ ગૌરવ વધારેલ છે.

આ કોલેજમાંશ્રેષ્ઠ પરિણામ મેળવનાર પ્રથમઃ- માળવી માનસી દિનેશભાઈ-૮૧.૬૨ ટકા (ગામ-શેડુભાર) (મુખ્ય સમાજશાસ્ત્ર), દ્વિતીયઃ- નિમાવત ગાયત્રી દિલીપભાઈ -૭૯.૧૩ટકા (ગામ-કીડી) (મુખ્ય સંસ્કૃત), તૃતીયાઃ- ડબાવાલા મુસ્કાન નાસીરભાઈ -૭૮.૫૦ટકા (ગામ -અમરેલી) (મુખ્યસમાજશાસ્ત્ર) છે. જે કુલ પાસ થયેલ ૧૨૮માંથી ૧૦૮ વિદ્યાર્થીનીઓએફર્સ્ટ કલાસ અનેડિસ્ટીકશનમેળવીનેસંસ્થાનેવિશેષગૌરવ પ્રાપ્તકરાવ્યુછે. ઉર્તીણથનારતમામનેતથાવિશેષ સિધ્ધીપ્રાપ્તકરનારપ્રથમત્રણનંબર મેળવનાર વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ તથા કેમ્પસ ડાયરેકટર વી.એલ. પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડો.બી. આર ચુડાસમા તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદનઅનેશુભેચ્છાઓ પાઠવવામાંઆવ્યા છે.

### વૃક્ષો વિશે અગત્યની માહિતી


## જે વ્યક્તિ વૃક્ષ રોપે છે તે માનવતામાં વિશ્વાસ કરે છે - રવીન્દ્રનાથ ટાગોર

## વૃક્ષનાં આભારી રહો જે તમને ઠંડક અને છાંયો આપે છે - ગૌતમ બુદ્ધ

### વૃક્ષમ શરણમ ગચ્છામિ

અમરેલી, તા. ૮

વૃક્ષો પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૃક્ષો ઓકિસજન ઉત્પન્ન કરે છે.જે માનવ જીવન માટે મહત્વપૂર્ણ છે. તે કાર્બન ડાયોકસાઈડ શોષી પર્યાવરણને શુદ્ધ રાખે છે. અને ગ્લોબલ વોર્મિંગને ઘટાડે છે. તે જળચક્રને સંતુલિત રાખે છે.અને વરસાદ લાવવામાં મદદ કરે છે.વૃક્ષો પશુ, પક્ષીઓ માટે આશ્રય અને ખોરાક પૂરો પાડે છે. આ ઉપરાંત, તે માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે, કારણ કે, તે શાંતિ અને સંતુષ્ટિ પ્રદાન કરે છે.



પૃથ્વી પરના સૌથી જુના વૃક્ષો પણ જીવંત છે. દર વર્ષે જેટલા વૃક્ષો કાપવામાં આવે છે. તેટલા વાવવામાં આવતા નથી. એક વૃક્ષ એક દિવસમાં અંદાજે ૪ લોકોને જીવવા પૂરતો ઓકિસજન પૂરો પાડે છે. વિશ્વમાં સૌથી વધુ વૃક્ષો રશિયામાં છે, ત્યારબાદ કેનેડા, બ્રાઝિલ, અમેરિકા અને તે પછી ભારતનો ક્રમ આવે છે. વૃક્ષોની હરોળધૂળનું સ્તર ૭૫% ઘટાડે છે. વિશ્વનો ૨૦% ઓકિસજન એમઝોનના જંગલો દ્વારા ઉત્પન્ન થાય છે. તેને પૃથ્વીનાં ફેફસા તરીકે પણ ઓળખાય છે. વિશ્વનું સૌથી જુનું વૃક્ષ અમેરિકાનાં કેલિફોર્નિયામાં છે. જેનું નામ Tjikko (ટીજીકો) છે જે ૫ હજાર વર્ષ જુનું છે. ઓકિસજનનાં ઉત્પાદનમાં કોઈ એક વૃક્ષનું નામ આપવું મુશ્કેલ છે, પરંતુ તુલસી, પીપળ, લીમડો અને વડ અન્ય વૃક્ષો કરતા વધુ ઓકિસજન ઉત્પન્ન કરે છે.

### ક્લિનિકલ ટ્રાયલમાં મોટો દાવો

# વર્ષમાં બે વાર ઇન્જેક્શન આપીને HIV મટાડી શકાય છે

**આ ટ્રાયલ 'ડબલ બ્લાઇન્ડ' રીતે હાથ ધરવામાં આવી હતી, આનો અર્થ એ છે કે અજમાયશ સમાપ્ત થાય ત્યાં સુધી સહભાગીઓ કે સંશોધકો બંનેને ખબર ન હતી કે તેમને કઈ સારવાર આપવામાં આવી રહી છે**

દક્ષિણ આફ્રિકા, તા.૮

દક્ષિણ આફ્રિકા અને યુગાન્ડામાં HIV પર મુખ્ય ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. આ અજમાયશમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે વર્ષમાં બે વાર નવી પ્રી-એક્સપોઝર પ્રોફીલેક્સિસ દવાના ઇન્જેક્શનથી, એક મહિલા HIV સંક્રમણથી સંપૂર્ણપણે સુરક્ષિત થઈ ગઈ.અજમાયશમાં તપાસ કરવામાં આવી હતી કે શું લેનાકાપાવીરના છ મહિનાના ઈન્જેકશનથી એચઆઈવી ચેપ સામે બે અન્ય દવાઓ, દરરોજ લેવામાં આવતી ગોળીઓ કરતાં વધુ સારી સુરક્ષા મળી છે. આ ત્રણેય દવાઓ પ્રી-એકસપોઝર પ્રોફીલેક્સિસ (અથવા PrEP) દવાઓ છે. ફિઝિશિયન-વૈજ્ઞાનિક લિન્ડા-ગેલ બેકર, અભ્યાસના દક્ષિણ આફ્રિકન ભાગ માટે મુખ્ય તપાસકર્તા, સમજાવે છે કે શા માટે આ સફળતા એટલી મહત્વપૂર્ણ છે અને આગળ શું અપેક્ષા રાખવી જોઈએ.લેન્કાપાવીર અને અન્ય બે દવાઓની અસરકારકતા ચકાસવા માટે 5,000 સહભાગીઓ સાથે યુગાન્ડાની ત્રણ સાઈટ્સ અને દક્ષિણ આફ્રિકામાં 25 સાઈટ્સ પર ટ્રાયલ કરવામાં આવી હતી. પહેલું એ હતું કે શું લેંકાપાવીરનું છ-માસિક ઈન્જેક્શન સલામત છે અને 16 થી 25 વર્ષની વયની મહિલાઓ માટે પ્રેઈપીના સ્વરૂપ તરીકે ટ્રુવાડા એફ/ટીડીએફ કરતાં વધુ સારી સુરક્ષા પ્રદાન કરશે, જે વ્યાપકપણે સૂચવવામાં આવે છે PrEP ગોળી વપરાય છે.બીજું, ડેસ્કોવી F/TAF, નવી દૈનિક ગોળી F/TDF જેટલી અસરકારક હતી કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી હતી. F/TAF એ નાની ગોળી છે અને તેનો ઉપયોગ ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં પુરુષો અને ટ્રાન્સજેન્ડર મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. પૂર્વી અને દક્ષિણ આળિકામાં, યુવા સ્ત્રીઓને એચ.આય.વી સંક્રમણનું સૌથી વધુ જોખમ છે. ઘણા કારણોસર, તેઓને દૈનિક PREP સારવાર તદ્દન પડકારરૂપ લાગે છે.ટ્રાયલ દરમિયાન

## શ્રી મકનબાપા સેવાધામ ભાયાવદર ખાતે ધ્વજરોહણ, વૃક્ષારોપણ તેમજ મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાયો

કુંકાવાવ, તા. ૮

કુંકાવાવ તાલુકાના ભાયાવદર ખાતે રાવરાણી ચાવડા પરિવારના સુરાપુરા શ્રી મકનબાપા સેવાધામ ખાતે અષાઢી બીજ ના પાવન દિવસે શ્રી મકનબાપા ની ધ્વજરોહણ, વૃક્ષારોપણ તેમજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેના યજમાન બાપા ના સેવક અમદાવાદ ના ઉધોગપતિ ને પરિવારનું ગૌરવ એવા અરવિંદભાઈ ચાવડા પરિવાર દ્વારા સમસ્ત આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાવરાણી ચાવડા પરિવારના ભાઈઓ બહેનો વડીલો બાળકો બહોળીસંખ્યામા હાજર રહયા હતા આ સમસ્ત આયોજનમાં શ્રી મકનબાપાનો અભિષેક કરવામાં આવ્યો હતો ને બાવન ગજ ની ધજાની પૂજન વિધિ કરવામાં આવી હતી યજમાન અરવિંદભાઈ ચાવડા દ્વારા ધજા ચડાવવામાં આવી હતી અષાઢી બીજના પાવન દિવસે સવારે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં ભાયાવદર ગામના ગ્રામ પંચાયત સરપંચ તેમજ સમસ્ત કમિટી દ્વારા શ્રી મકનબાપા સેવાધામ મંદિરના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં લીમડો, આસોપાલવ, લીંબુડી, લીમડા, દાડમી, ચીકુડી, નાળિયેરી, આંબા, ઉંબરો, ફુલછોડ જેવા અનેક વૃક્ષ વાવવામાં આવ્યા હતા ગ્રામ પંચાયત કમિટી સભ્યો તેમજ ગ્રામ આગેવાનો સમાજના અગ્રણીઓ વડીલો માતાઓ બાળકો પત્રકારો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમ મા આવેલા તમામ ગામ આગેવાનો નું અરવિંદભાઈ ચાવડા પરિવાર દ્વારા શાલ ઓઢાડીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું નરેન્દ્રભાઈ મોદી ના સૂત્ર 'એક વૃક્ષ મા કે નામ 'ને સાર્થક કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ભાયાવદર ગ્રામ પંચાયતના સહયોગથી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો સમસ્ત આયોજન મા ભાયાવદર ગામના સરપંચ સુરેશભાઈ કાછડીયા ઉપ સરપંચ નરેશભાઈ બસીયા કિશન મોરચા પ્રમુખ કેશુભાઈ સોરઠીયા, મયુરભાઈ વ્યાસ, હરસુખભાઈ બોરડ, દિનેશભાઈ વડાલીયા, નીતિનભાઈ રાવરાણી, રાજુભાઈ ચાવડા, મહેશભાઈ ચાવડા, રમેશભાઈ રાવરાણી, મગનભાઈ રાવરાણી, ભુવા મોહનભાઈ રાવરાણી, ભાવેશભાઈ નાથાણી, પત્રકાર કમલેશ રાવરાણી, મહેન્દ્રભાઈ ચાવડા, કિશોરભાઈ રાવરાણી, મનસુખભાઈ રાવરાણી, શૈલેષભાઈ રાવરાણી, તેમજ ભરત ભાઈ જોશી ખાસ હાજર રહયા હતા ને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો આવેલા તમામ મહેમાનો નું શ્રી અરવિંદભાઈ ચાવડા દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.



બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બહોળી સંખ્યા મા લોકો એ મહાપ્રસાદ લીધો હતો સમસ્ત આયોજનમાં અરવિંદભાઈ ચાવડા, નીતિનભાઈ રાવરાણી, ગોપાલ રાવરાણી તેમજ પત્રકાર કમલેશ રાવરાણી દ્વારા જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

## દિલ્હીમાં એક પણ બેઠક ન જીતવા માટે કૉંગ્રેસે AAPને જવાબદાર ગણાવી

નવી દિલ્હી, તા.૮

લોકસભા ચૂંટણીમાં દિલ્હીમાં એક પણ સીટ ન જીતવા માટે કોંગ્રેસે આમ આદમી પાર્ટીને જવાબદાર ગણાવી છે. સૂત્રોને ટાંકીને આ માહિતી સામે આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીના રિપોર્ટમાં આ વાત સામે આવી છે.

તમને જણાવી દઈએ કે કોંગ્રેસે લોકસભા ચૂંટણીમાં ઘણા રાજ્યોમાં ખરાબ પ્રદર્શનને લઈને ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરી હતી. થોડા દિવસો પહેલા આ સમિતિએ કોંગ્રેસ અધ્યક્ષ ખડગેને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. બે પાનાના આ રિપોર્ટમાં દિલ્હીમાં કોંગ્રેસની હારના કારણો અને સૂચનો પણ આપવામાં આવ્યા છે. સમિતિએ શોધી કાઢ્યું છે કે ઉમેદવારોની હાર માટે આમ આદમી પાર્ટી જવાબદાર છે. ઉમેદવારોએ સમિતિના નેતાઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે છછઁએ ચૂંટણી સમયે કોંગ્રેસના ઉમેદવારો માટે કામ કરવા માટે તેના કેડરને સૂચના આપી ન હતી. આ જ કારણ છે કે મતદાનના દિવસે પોલિંગ બૂથ પર છછઁ અને કોંગ્રેસના એજન્ટ વચ્ચે સંકલનનો અભાવ જોવા મળ્યો હતો. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસના સંગઠનનો અભાવ પણ હારનું કારણ છે. ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીમાં હાર બાદ દિલ્હી કોંગ્રેસના નેતા અમરેન્દ્ર સિંહ લવલીનું બીજેપીમાં આવવું પાર્ટી માટે સારું નહોતું

# ગોપાલ ગ્રામની ઉચ્ચ અધિકારીઓ દ્વારા મુલાકાત લેવાય






ધારીનાં ગોપાલગ્રામ ગામે અધિક કલેકટર, પ્રાંત અધિકારી, પૂરવઠા અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિતનાં અધિકારીઓએ ગામનાં જુદા જુદા સ્થળોની મુલાકાત લઈને ગામજનોને કોઈ મુસીબત હોય તે અંગે જાણકારી મેળવી હતી. આ તકે મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઓનલાઈન જોડાયા હતા. ગામનાં સરપંચ હરેશભાઈ વાળા પણ અધિકારીગણ સાથે જોડાયા હતા.

# અમરેલી ખાતે 'શ્રી જવેલર્સ'નો અષાઢી બીજે દબદબાભેર પ્રારંભ



અમરેલીનાં સ્ટેશન રોડ ઉપર ક્રિષ્ના પેટ્રોલપંપ સામે મનિષભાઈ ભાલુ દ્વારા તેમનાં માતા–પિતા શ્રીમતી વિમળાબેન અને ભીમજીભાઈ ભાલુનાં વરદ્ હસ્તે અષાઢી બીજનાં પવિત્ર દિ'ને 'શ્રી જવેલર્સ' નો દબદબાભેર પ્રારંભ કરવામાં આવેલ. જયાં આધુનિક ડીઝાઈનનાં ચાંદી–સોનાનાં આભુષણો સૌ કોઈને મળી રહેશે. આ તકે વિપુલભાઈ લોટા, નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, પુર્વ સાસંદ કાછડીયા, લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયા, મોર્કેટયાર્ડના પુર્વ ચેરમેન પી.પી.સોજીત્રા સહિતનાં રાજકીય અને સામાજિક આગેવાનોએ ઉપસ્થિત રહીને શુભકામના પાઠવી હતી.

## ધરાઈ : બાલમુકુંદજીનાં દર્શન કરતાં પુર્વ મંત્રી જયેશ રાદડીયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરા તાલુકાના ધરાઈ ગામેસુપ્રસિદ્ધયાત્રાધામ શ્રીબાલમુકુન્દ હવેલી ખાતે ગુજરાત સરકાર ના પૂર્વ કેબિનેટ મંત્રી અને જામ કંડોરણા–ધોરાજી વિસ્તારના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા પરિવાર સાથે બાલમુકુન્દ પ્રભુના દર્શન કરી હાલરડાં તેમજ મહાપ્રસાદ નો આનંદ લીધો. મુખ્યાજી મીતુલભાઈ, ઘેલું ભાઈ અને દ્વારકેશ ભાઈ દ્વારા પૂર્વમંત્રી જયેશભાઈ રાદડિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

## પાના ૧ ઉપરનું ચાલું કડીયાળી ગામ નજીક

ઈજાગ્રસ્ત મહિલાને સારવાર હેઠળ ખસેડાય અને મૃતકનાં પીએમ માટેની કાર્યવાહીહાથ ધરવામાંઆવીછે. બંનેના મોત થતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. પીપાવાવ મરીન પોલીસે તપાસ શરૂ કરી અકસ્માત કેવી રીતેસર્જાયોતેતપાસનોવિષયછે. તમામ લોકો રાજુલા તાલુકાના ખેરા ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. કડીયાળીનજીકબંનેબાઈકસવારોવચ્ચે અકસ્માત સર્જાયો છે જેમા કાનજીભાઈ નારણભાઈ બારૈયા (ઉ.વ. ૬૦)નું ઘટનાસ્થળેજ મોત નિપજયુંહતું. પત્ની માયાબેન કાનજીભાઈને ઈજાઓ થતા સારવાર માટે ખસેડાય છે. સામે બાઈક સવાર પુનાભાઈ ભાયાભાઈ ગુજરીયા (ઉ.વ. ૩૦) નું સારવાર દરમ્યાન મોત નિપજયું છે. અકસ્માતની ઘટનામાં ૨ વ્યકિતના મોત નિપજયા છે જેમાં ઈજાગ્રસ્ત મહિલા પત્ની માયાબેનની નજર સામે તેમના પતિ કાનજીભાઈનું મોત થતા પરિવારમાં શોકમય માહોલ સર્જાયો છે.

ભાવનગર–સોમનાથ રોડ પર અવારનવાર આવા અકસ્માતો થઈ રહ્યા છે ત્યારે એનું મુખ્ય કારણ હાઈવેની ભદ્રકાળી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું જુના સાવર ગામે ઈકો કારમાં

નજીકપાર્કકરેલકારમાંકોઈ કારણોસરઆગ લાગતા ગેસ સંચાલીત ઈકો કાર આગમાં ભસ્મીભૂત થઈ જવા પામી હતી. જોકે ઈકો કારમાં આવેલા મુસાફરોનો સદનસીબે આબાદ બચાવ થયો હતો. કોઈ જાનહાનિ થવાપામેલનાહતી. નાનાગામમાંફાયરની સુવિધાનાહોવાનાકારણેસ્થાનિકોદ્વારાઆગ બુઝાવવાનોપ્રયાસકરવામાંઆવ્યોહતો.

## પાના ૧ ઉપરનું ચાલું રખડુ શ્વાનની પરેશાની

અત્રે ઉલેખનીય છે કે, થોડા દિવસ પહેલાં ચિતલ ગામે છેલ્લા એક માસમાં ાન દ્વારા હુમલોઓ કરવાના લગભગ ૧૫ જેટલાં બનાવો બન્યાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. શ્વાનના હુમલાના કારણે અમરેલીમાં પણ ગુરૂકૃપાનગર વિસ્તારમાં બાળકો સ્કૂલે જતાં આવતાં હોય ત્યારે આવા ાન હુમલા કરે છે જેથી બાળકો પણ ભય અનુભવે છે. શેરીમાં બાળક એકલું દેખાય અથવા તો વાહન નીકળે તુરંત જ આ હિંસક બનેલા ાનો દ્વારા હુમલા કરવામાં પાછળ દોડે છે.

આ હિંસક બનેલા ાનને હટાવવા માટે વહીવટી તંત્રને જાણ કરવા છતાં પણ કોઈ કાર્યવાહી થવા પામેલ ના હોય લોકો આવા ાનના કારણે ભય અનુભવે છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

અમરેલી જિલ્લાં પોલીસ દ્વારા કુલ ૭૮ કેસો કરવામાં આવેલ છે. જે પૈકી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૨ કેસો કરવામાં આવેલ છે તથા દેશીદારૂના કબ્જા પર તથા દારૂ બનાવવા માટેના આથાના ૨ તથા ભટ્ટીના ૫ કેસ કરવામાં આવેલ છે. તેમજ દારૂ પીધેલ હાલતમાં વાહન ચલાવવાના ૩ કેસો તથા ૧૪ દારૂ પીધેલ વ્યકિતઓ પકડવામાં આવેલ છે.

અમરેલીજિલ્લાપોલીસદ્વારા આડ્રાઈવદરમ્યાનભારતીયબનાવટના વિદેશી દારૂની બોટલ નંગ–૭ કિંમત રૂપિયા ૧,૪૦૦ તથા દેશી દારૂ લીટર ૪૯૬, કિંમત રૂપિયા ૯,૯૨૦ તથા દારૂ બનાવવાનો આથો લીટર ૪૩૦ કિંમત રૂપિયા ૮૬૦ તથા ભટ્ટીના સાધનો તથા અન્યમુદ્દામાલકિંમતરૂા. ૬૩૩મળીકુલ રૂપિયા ૧૨,૮૧૩ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. તેમજ આ ડ્રાઈવ દરમ્યાન દારૂનું સેવન/વેચાણ/વહનની પ્રોહીબીશનપ્રવૃત્તિ કરતાકુલ ૬૬ઈસમોને પકડી પાડી તેમની સામે ધોરણસર કાર્યવાહી કરવામાંઆવેલછે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં સ્વામીનારાયણ–૨ માં રહેતા

ગેસની પાઈપ લીકેજ કરી રસોડાના પ્લેટફોર્મપર કુકર મુકીતેનીપાસેમોબાઈલ ચાર્જર ચાલુ રાખી, ગોદડુ રસોડામાં સળગાવી આગ લાગવાથી પોતે પણ સળગી જશેઅનેગેસનાબાટલાનોબ્લાસ્ટથશેતો પોતાનુ ઘર બ્લાસ્ટ થઈ સળગી જશે અને આજુબાજુના મકાનોમાં રહેતા લોકોને તથાતેઓનામાલસામાનનેપણજાનહાની થશે તેવુ જાણવા છતાં પણ આરોપીએ પોતાનુ ઘર સળગાવી બ્લાસ્ટ કરવાના ઈરાદેગોદડામાંઆગલગાડીઘરેતાળુમારી પોતાની માતાની મિલ્કતને આશરે રૂા. ૨૨,૦૦૦ નું નુકસાન કરી નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની બહારપરા પોલીસ ચોકીને

જવલનશીલપ્રવાહીલઈનેઆવીપોલીસ ચોકીની બહારની લોબીની ગ્રીલમાં લગાવેલ કાપડ પર તથા પગ લુછણીયા પર આ જવલનશીલ પ્રવાહી છાંટી બાકસની દિવાસળી વડે બહારપરા પોલીસચોકીમાંઆગલગાડીબહારપરા પોલીસ ચોકીની સરકારી મિલ્કતમાં આશરે રૂા. ૩૫૦૦ નુ નુકસાન કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર અમરેલીમાં રહેતા આરોપી મયંકજગદીશભાઈ મહેતાએ ગતતા. ૬ ના રાત્રીના આશરે પોણા દસેક વાગ્યા આસપાસ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બહારપરા વિસ્તારમાંબનાવવામાંઆવેલસરકારી પોલીસ ચોકીને સળગાવી દેવાના ઈરાદાથી જાણી જોઈને એક પ્લાસ્ટીકની બોટલમાં પેટ્રોલ જેવુ જવલનશીલ પ્રવાહી લઈને આવી પોલીસ ચોકીની બહારનીલોબીનીગ્રીલમાંલગાવેલકાપડ પર તથા પગ લુછણીયા પર આ જવલનશીલ પ્રવાહી છાંટી બાકસની દિવાસળી વડે બહારપરા પોલીસ ચોકીમાંઆગલગાડીબહારપરાપોલીસ ચોકીની સરકારી મિલ્કતમાં આશરે રૂા. ૩૫૦૦ નુ નુકસાન કરી આરોપી નાસી ગયો હતો. પરંતુ આજુબાજુમાં રહેતા લોકો એકઠા થઈ જતાં આગને બુઝાવી દીધી હતી.

આ બનાવની જાણ પોલીસના આલા અધિકારીઓને કરવામાં આવતાં પોલીસ અધિકારીઓ બહારપરા પોલીસ ચોકીએ દોડી આવ્યા હતા અને આ બનાવમાં પોલીસે આરોપી મયંક જગદીશભાઈ મહેતા વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૨૬(જી), ૩૨૪(૩) તથા ધ પ્રિવેન્સીંગ ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૪ મુજબ અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધી આરોપીને ઝડપી લીધો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું મોગલોએ ૪૦૦ અને અંગ્રેજોએ

લેતા કે પાનની દુકાને માવો ચોળતા ચોળતા "હવે ભ્રષ્ટાચારે તો માજા મૂકી છે અને પૈસા આપ્યા વગર સરકારી ઓફિસોમાં એક કામ થતું નથી" એવું કહેવાવાળા દિવસમાં દસ ભટકાશે પણ એમાંથી એક વ્યકિત પણ હિંમત દાખવી એસીબીમાં ફરિયાદ કરવા નહિ જાય!

આપણી આ ભીરૂતા અને હાથ જોડી બેઠા રહી સહન કરતા રહેવાની અકર્મણયતાને કારણે મોગલોએ ૪૦૦ વર્ષ અને અંગ્રેજોએ ૧૫૦ વર્ષ સુધી આપણને લુંટયા. આ કામ આઝાદી પછી હવે આપવા પોતાના લોકો કરી રહ્યા છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી ખાતે "આશાવર્કર" મહિલાઓનાં

લોકસભાનીચૂંટણીનાંપ્રચારમાંરાજયની મહિલાઓને જણાવ્યું હતું કે, તમારો ભાઈ તમારા મતથી પ્રધાનમંત્રી બનશે એટલે બહેનોને કોઈ સમસ્યા હોય તો રૂપ પૈસાનું પોસ્ટકાર્ડ લખજો સમસ્યા દૂર થઈ જશે. પરંતુ રાજયની "આશાવર્કરો" પોસ્ટકાર્ડ તો શું આવેદનપત્ર મોકલી મોકલીને થાકી છતાં પ્રધનમંત્રી બનેલ ભાઈ તેમની બહેનોની સમસ્યા દૂર કરી શકતા નથી.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **શૈલેષભાઈ શંભુભાઈ પરમાર** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ગામે સુધરાઈ હદમાં લીલીયા રોડ રસ્તે
રે. સર્વે.નં. ૩૧૯/૨ પૈકી બીનખેતી પ્લોટ નં. ૧૨ પૈકી
જેના ચો.મી. ૮૯–૦૨
રજી. દસ્તાવેજ નં. ૩૫૭૦ તારીખ : ૧૩/૧૦/૨૦૧૦

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ હિંમતભાઈ ઝવેરભાઈ વઘાસીયા રહે. પીપળવા તા. લાઠીનાં કુલમુખત્યાર વૃજલાલ રણછોડભાઈ ધાનાણી રહે. લાલાવદરવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૩૫૭૦ તા. ૧૩/૧૦/૨૦૧૦નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૯/૦૭/૨૦૨૪
અંબીકા ચેમ્બર્સ, સ્ટેશન રોડ,
અમરેલી

Pandya Advocates

કૌશલભાઈ બી. પંડયા
એડવોકેટ


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૧૦ | ૧૧૬૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૧૮૫ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ૪ | શિંગદાણા ફાડ | ૧૦૭૫ | ૧૫૭૨ |
| ૫ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૯૦ |
| ૬ | તલ કાળા | ૧૬૭૫ | ૩૧૪૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૮૦ | ૩૩૮૦ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૬૧ |
| ૯ | જુવાર | ૪૨૧ | ૭૫૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૭ | ૫૭૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૯ | ૫૮૦ |
| ૧૨ | મગ | ૧૧૫૦ | ૧૫૮૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૨૭૧ |
| ૧૪ | તુવેર | ૧૯૩૦ | ૨૦૮૦ |
| ૧૫ | કપાસ | ૯૦૦ | ૧૫૩૧ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૧૦૪ |
| ૧૭ | જીરૂ | ૪૧૦૦ | ૫૨૭૫ |
| ૧૮ | ધાણા | ૧૦૫૦ | ૧૨૯૫ |
| ૧૯ | મેથી | ૮૩૦ | ૧૧૦૩ |
| ૨૦ | સોયાબીન | ૭૬૫ | ૮૩૮ |
| ૨૧ | રજકાનું બી | ૨૭૪૦ | ૪૪૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૬૪ | ૧૪૬૪ |
| ૨ | તલ સફેદ | ૨૪૬૮ | ૨૪૬૮ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| ૪ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૯૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૨૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૨૧ |
| ૩ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૯૨૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૬૧ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૩૦૮૦ |
| ૬ | જીરૂ | ૪૫૦૦ | ૫૪૨૧ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૮૯ |
| ૧૦ | બાજરો | ૩૭૬ | ૪૬૧ |
| ૧૧ | જુવાર | ૭૨૨ | ૮૩૬ |
| ૧૨ | મકાઈ | ૫૪૭ | – |
| ૧૩ | મગ | ૧૫૮૫ | ૧૬૦૩ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૨૪૯ |
| ૧૫ | તુવેર | ૨૦૧૦ | ૨૧૪૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૬ | ૧૫૬૪ |
| ૨ | મગફળી | ૧૦૯૦ | ૧૧૨૦ |
| ૩ | જીરૂ | ૪૬૬૫ | ૫૩૪૫ |
| ૪ | ઘઉં | ૪૮૪ | ૫૩૬ |
| ૫ | તલ સફેદ | ૨૩૪૫ | ૨૪૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | ચણા | ૧૧૫૦ | ૧૧૭૦ |
| ૩ | મગ | ૧૪૪૦ | ૧૪૬૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૫૪ | ૪૫૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૨૨ |
| ૬ | તલ સફેદ | ૨૦૨૦ | ૨૪૦૭ |
| ૭ | સોયાબીન | ૭૨૫ | ૮૩૨ |
| ૮ | જીરૂ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૧૦ | ચોળી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | અડદ | ૧૮૦૫ | ૧૮૦૫ |
| ૧૪ | શીંગફાડા | ૧૩૮૦ | ૧૫૨૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૧૨૧ | ૧૨૦૬ |
| ૨ | શીંગદાણા | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૩ | મગ | ૧૫૪૦ | ૧૫૪૦ |
| ૪ | સોયાબીન | ૮૩૫ | ૮૩૬ |
| ૫ | તલ | ૨૧૦૦ | ૨૧૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૮૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૧ | ૨૬૦૧ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૪ | બાજરો | ૪૧૭ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૬ |
| ૬ | જુવાર | ૭૬૦ | ૮૮૫ |
| ૭ | મગ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૮ | મેથી | ૧૩૪૦ | ૧૩૪૦ |

## ગજેરા શૈક્ષણિક સંકુલનાં ટ્રસ્ટી વસંતભાઈ ગજેરા અને સાસંદ રૂપાલાની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લામાં એક લાખ વૃક્ષોનાં વાવેતરનો પ્રારંભ

બાળકોને માતા પાસેથી જે પ્રેમ મળે છે તે પ્રેમનાં ફુડા સ્વરૂપે બાળક વૃક્ષ વાવી તેનું જતન કરાશે

અષાઢી બીજનાં પવિત્ર દિને ૨૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું

એક લાખ વૃક્ષનાં વાવેતરનો તમામ ખર્ચ ગજેરા ટ્રસ્ટી દ્વારા અપાશે

સંસ્થાનાં ટ્રસ્ટીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યાં






અમરેલી, તા.૮

અમરેલી અષાઢી –બીજના શુભ મુર્હૂતમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે 'માં' કે નામ પે એક વૃક્ષ થીમ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો જેમાં પુરૂષોત્તમભાઈ રૂપાલા અને સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા ખાસ ઉપસ્થિત રહયા હતા.

વસંતભાઈ ગજેરાના જન્મ દિવસ નિમિતે ૧ લાખ વૃક્ષો વાવી તેનું જતન કરવાનાં સંકલ્પને ચરિતાર્થ કરવાનો શુભારંભ કરવામાં આવ્યો અને તે શાળાથી ગામ–ગામ સુધી આ સંકલ્પ મુજબ વૃક્ષો વાવવામાં આવશે તેવી ઘોષણા સાથે ૨૫૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા જેમાં શ્રીમતી એસ.એચ.ગજેરા પ્રાથમિક, માધ્યમિક, ઉ.મા.શાળા તેમજ જ્ઞાન શકિત સ્કૂલ અને ડી.એલ.એસ.એસ.નાં વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા. બાળકોએ માતા સાથે વૃક્ષો વાવ્યા અને તેઓને એક અલગ જ અહેસાસ થયો કે આ વૃક્ષને હું મારા માતા સમાન કાળજી લઈશ.

આ કાર્યક્રમ કરવા માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં માર્ગદર્શન મુજબ વધુમાં વધુ વૃક્ષો વાવવામાં આવે તેનો તમામ ખર્ચ ગજેરા ટ્રસ્ટ આપશે તેવી જાહેરાત કરેલી હતી. ફકત વૃક્ષો વાવીને પુરૂ નહી કરવા આ વૃક્ષોને મોટા કરી તેનો ઉછેર કરવાની જવાબદારી સાથે બિડ ઝડપમાં આવ્યું છે ત્યારે સૌ શાળાના – મેડિકલ કોલેજનાં – જનરલ હોસ્પિટલના વગેરેમાંથી સ્ટાફ જોડાયેલ હતા.

આ તકે સાસંદ પુરૂષોતમભાઈ રૂપાલાએ વસંતભાઈ ગજેરાને અભિનંદન આપતા જણાવ્યું કે આવી વિચારધારા કે જેમાં અગાઉ જન્મદિવસે એક વૃક્ષ વાવતા એ શરૂ છે. હવે માતાનાં નામે વૃક્ષો વાવશે અને તેનું જતન કરશે જે તે ખુબ પ્રશંસાને પાત્ર છે.

આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી–શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલના ડાયરેકટર ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા તેમજ સ્ટાફ દ્વારા ખુબ સારી વ્યવસ્થા કરવામાં આવેલ હતી અને સૌ સોથ મળી આ સંકલ્પ પુર્ણ કરવા વધુમાં વધુ વૃક્ષો વાવવા પ્રેરણા સ્વરૂપ આ કાર્યક્રમમાં વાલીઓનો બહોળો પ્રતિસાદ મળે છે.

### અમરેલી જિલ્લાનાં ખેતીવાડી અધિકારી દ્વારા

## ખેડૂતોએ ખરીફ પાકોમાં કાતરા–હેરી કેટરપિલરનું સંકલિત વ્યવસ્થાપન કરવા ઉપયોગી સૂચનાઓ

લીબોળીનાં મીજના ભૂકા કે, લીમડાના પાનના ઉપયોગથી પણ નિયંત્રણ મેળવી શકાય

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લાનાં ખેડૂતોએ હરીફ પાકોમાં કાતરા–હેરી કેટરપિલરનું સંકલિત વ્યવસ્થાપન કરવા માટે ઉપયોગી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. કાતરા એટલે કે હેરી કેટરપિલનુ સંકલિત વ્યવસ્થાપન માટે શેઢા–પાળા પરથી ઘાસ દૂર કરવુ.પ્રથમ વરસાદ બાદ શેઢા–પાળાનાં ઘાસમાં મૂકેલ ઈંડાનાં સમૂહ વીણી લઈ તેનો નાશ કરવો. પ્રથમ વરસાદ બાદ હેકટર દિઠ એક પ્રકાશ પિંજરનો ઉપયોગ કરી કૂદીઓને આકર્ષી નાશ કરવો. લીબોળીના મીજનો ભૂકો અથવા લીમડાના પાન ૫૦૦ ગ્રામ (પટકા અર્ક) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

ઉપરાંત પ્રથમ વરસાદ બાદ ૮થી ૧૦ દિવસે શેઢા પાળા ઉપર અથવા ઉભા પાકમાં કાતરાનું નુકસાન જોવા મળે તો કિવનાલફોસ ૧.૫ ટકા ભૂકી ૨૫ કિ.ગ્રા હે. પ્રમાણે છંટકાવ કરવો. વધુ ઉપદ્રવ જણાય તો થાયોડિકાર્બ ૭૫ વેપા ૧૫ ગ્રામ અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૫.૮ ઈસી ૪ મિ.લી અથવા એમોમેકટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કે, નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવ્યુ છે.

### વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયેલ સ્પર્ધામાં

## ગાવડકા પ્રાથમિક શાળાનાં શિક્ષિકાએ લાંબી કૂદ અને ત્રિપલ જંપમાં ગોલ્ડ મેડલ

શિક્ષિકા નુતનબેન માલવીયાએ જિલ્લાનું ગૌરવ વધાર્યુ



ગાવડકા, તા. ૮

7th ઓલ ઈન્ડિયા માસ્ટર્સ એથેલેટીક્સ નેશનલ ગેમ્સ ૨૦૨નું આયોજન વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૭/૬/૨૪ અને ૮/૬/૨૪ દરમ્યાન થયેલ હતું. જેમાં ગાવડકા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા નૂતનબેન ડી માલવિયાએ લાંબી કુદમાં ગોલ્ડ મેડલ તથા ત્રીપલ જંપમાં પણ ગોલ્ડ મેડલ હાંસલ કરી ઓલ ઈન્ડિયામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ફરી એક વખત ગાવડકા પ્રાથમિક શાળા તેમજ શિક્ષણ વિભાગનું તેમજ અમરેલી જિલ્લાનું નામ રોશન કરી ગૌરવ વધારેલ છે. નુતનબેન ડી માલવીયાએ અત્યાર સુધીમાં રાષ્ટ્રીય સ્તરે ૧૦ થી વધારે ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવી અમરેલી જિલ્લામાં અનોખી કારકિર્દી સ્થાપિત કરેલ છે. આ પ્રસંગે ખાસ અમરેલી જિલ્લાનાં પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી. મિયાણી, નાયબ શિક્ષણાધિકારી જી. એમ. સોલંકી દ્વારા ખાસ સન્માન કરેલ અને રમત ગમત ક્ષેત્રે હાંસલ કરેલ અનુભવનો લાભ જિલ્લાનાં બાળકોને વધુમાં વધુ મળે તેમજ જિલ્લાનાં બાળકો પણ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ પહોંચે તેવું માર્ગદર્શન આપી ખાસ બિરદાવેલ.

## નાના માચીયાળા ગામે વિવિધ રોગ સામે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



નાના માચીયાળા, તા. ૮

નાના માચીયાળા ગામ ખાતે વાહકજન્ય રોગ જેવાં કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવાં રોગોનો ફેલાવો ના થાય તે માટે જુલાઈ માસ એટલે કે ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત જીલ્લા મેલેરિયા અધિકારી ડો. સિગ સાહેબ તાલુકા હેલ્થ ઓફીસર ડો. સિન્હા તથા પ્રા. આ. કેન્દ્ર શેડુભારનાં મેડિકલ ઓફીસર ડો. જે ટી બોરીચાની સૂચના અનુસાર ગામનાં ૭ જેટલાં ઘરોની ખુલ્લી પાણીની ટાંકીઓમા તથા ગામનાં અવેડામા ગપ્પી માછલીઓ મૂકવામાં આવેલ તથા હાઈસ્કૂલ તેમજ પ્રાથમિક શાળાને વાહકજન્ય રોગો વિષે માહિતગાર કરવામાં આવેલ. આ કામગીરીને સફળ બનાવવા સુપરવાઈઝર કિરીટભાઈ વનરા તેમજ હર્ષલભાઈ હડિયા તથા કેયુરભાઈનો સહયોગ મળેલ હતો.

### જિલ્લા પંચાયતનાં પ્રમુખનાં અધ્યક્ષસ્થાને

## અમરેલી જિલ્લા પંચાયતની સામાન્ય સભાનું આયોજન થયું

ધારાસભ્ય તળાવીયા પણ ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા.૮

જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને અમરેલી જિલ્લાના નવા ચૂંટાયેલા સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને તા.૦૬/૦૭/૨૦૨૪ના રોજ જિલ્લા પંચાયત અમરેલીની સામાન્ય સભા યોજાઈ. જે બેઠકમાં વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તમામ સદસ્યઓ તથા અધિકારીઓ દ્વારા નવા ચૂંટાયેલા સાંસદ ભરતભાઈ સુતરીયાને શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને ભરતભાઈ સુતરીયા દ્વારા સૌનો અંતર્ગત પૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. તથા સદરહુ સામાન્ય સભામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત ૧૦ ટકા જિલ્લા કક્ષાની વર્ષ ૨૦૨૩–૨૦૨૪ની ગ્રાંટના કામોમાં ફેરફાર કરવાની, સ્ટેમ્પ ડયુટીની વર્ષ ૨૦૨૦–૨૧ની ગ્રાંટનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

# સાવરકુંડલાનાં જીરા આરોગ્ય કેન્દ્રનું રૂ.૧.૨૫ કરોડનાં ખર્ચે નિર્માણ થયું






સાવરકુંડલા તાલુકાના જીરા ગામે જીરા જન જાગૃતિ સંઘ સુરત અને જીરા ગ્રામ પંચાયતના સંયુકત ઉપક્રમે આયોજીત ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નવનિર્મીત પ્રાથમિક આરોગ્યકેન્દ્રનું લોકાપર્ણ તથા વૃક્ષારોપણો કાર્યક્રમ યોજાયો હતો. આ લોકાપર્ણ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાસંદ ભરતભાઈ સુતરીયા તથા આ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશ કસવાલાની વિશેષ ઉપસ્થિતીમાં લોકાર્પણ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ થયેલ હતો. જેમાં, જીરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂા.૧૨૫ કરોડનાં ખર્ચે થયેલ છે. આ સાથે આ આરોગ્ય કેન્દ્ર બનાવથી આજુબાજુનાં ગામોને સત્વરે જરૂરી સુવિધાઓ મળી રહેશે. ત્યારબાદ જીરા ગામના સુરતથી પધારેલા ગામના આગેવાનોનો પણ કસવાલાએ બિરદાવ્યા હતા અને સાથો સાથ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. ઉપરાંત જીરા ગામે શ્રી રામ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ માધ્યમિક શાળાના બાળકોનો ત્રિવિધ કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી અને બાળકોને સ્કૂલ ડ્રેસનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ સાથે ભરતભાઈ સુતરીયા દ્વારા પોતાનાં ભાષણમાં આજના તાપમાને લઈને વૃક્ષારોપણ અનિવાર્ય છે અને વધુને વધુ છોડવાઓ વાવીને ગામડાને ગોકુળીયુ બનાવવાના જીરા ગામનુ અનુકરણ અન્ય ગામો ણ કરે તેવી અભિલાષા વ્યકત કરી હતી. જયારે ધારાસભ્ય કસવાલાએ ગામડાનાને ગોકુળીયુ બનાવવા માટે સરકારમાંથી જ પણ સહાય જોઈએ તે માટે સરકાર કટીબધ્ધ છે અને ગામડુ વિકાસની તરફ હરણફાળ ભરે તેવા જીરા ગામના સુંદર પ્રયત્નોને ધારાસભ્ય દ્વારા વધાધવમાં આવેલ હતુ. જયારે વિધાનસભાના મુખ્ય દંડક વેકરિયા દ્વારા અમરેલી જિલ્લાને જીરા ગામ આખા જિલ્લામાં કરેલી નવતર પહેલને બિરદાવીને સુરત સ્થિત દાતાઓના સહયોગથી ભાંગી પડતા ગામડાઓને નવીનીકરણ કરીને આગવી ઓળખ ઉભુ કરવાની પહેલ જીરા ગામે કરી છે. આ સમગ્ર કાર્યક્રમમાં જીલ્લા આરોગ્ય સિમિતીના ચેરમેન અશ્વીનભાઈ કુંજડીયા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, સરપંચ એસોસીએશનના પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, બાબુલાલ ડી. જીરાવાળા, હિંમતભાઈ દેસાઈ, સરપંચ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા, પરેશભાઈ ડોબરીયા, નરેશભાઈ સતાણી, ખોડાભાઈ શેખડા, અનિતાબેન લલીતભાઈ બાળધા, રસીકભાઈ ચાંદગઢીયા, અશોકભાઈ ચોડવડીયા, વિઠલભાઈ વાડદોરીયા, કાનજીભાઈ કોલડીયા, હસમુખભાઈ દેસાઈ, ભાવેશભાઈ સાવલીયા, ચિમનલાલ શેખડા, સુરેશભાઈ સાવજ, મહેશભાઈ ભાલાળા, સતિષભાઈ મહેતા, જયેશભાઈ મહેતા તથા આરોગ્યના અધિકારીઓ, ટી.ડી.ઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ સત્વ ''અટલધારા'' ઈન્ચાર્જ જે.પી.હિરપરાએ અખબાર યાદીમાં જણાવ્યુ છે.





## દરરોજ હજારોની સંખ્યામાં નાના–મોટા વાહનોની અવરજવર હોવા છતાં

# અમરેલી નજીક નેશનલ હાઈવેનો પુલ અતિ જોખમી હાલતમાં

**અમરેલી–રાજકોટ હાઈવે ઉપર આવેલ નાના માચીયાળા નજીકનો ઠેબી નદી પરનો પુલ ૩ થી ૪ વર્ષથી બિસ્માર**

**દેશભરમાં આજે મહાકાય પુલો પતાનાં મહેલની જેમ ધરાશાયી થઈ રહ્યા હોય ચિંતા થાય તે સ્વાભાવિક**

**મહાકાય પુલની રેલીંગ તૂટી ગઈ હોય કોઈ વાહન નદીમાં પડવાની પણ સંભાવના**

**પદાધિકારીઓ અને અધિકારીઓની અવરજવર છતાં પણ કોઈનાં પેટનું પાણી હલતુ નથી**

અમરેલી, તા. ૮

અમરેલી–રાજકોટ હાઈવે ઉપર આવેલ નાના માચીયાળા ગામેથી પસાર થતી ઠેબી નદી ઉપરનો નેશનલ હાઈવે ઉપરનો પુલ છેલ્લા ૩–૪ વર્ષથી બિસ્માર બન્યો છે. પુલની રેલીંગ ઠેકઠેકાણે તૂટી જતાં વાહનચાલકોને પુલ પસાર કરવામાં ધીરજ રાખવી પડે તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

અમરેલી જિલ્લાનાં માર્ગો અને પુલો તેમજ સરકારી મકાનો માર્ગ–મકાન વિભાગનાં ભ્રષ્ટાચારનાં કારણે સાવ નબળા બની રહ્યા છે. તેવા સમયે નાગેશ્રી–ચોટિલાનો માર્ગ નેશનલ હાઈવેને સોંપી દેવાતા તે હાઈવે ઉપર આવેલ આ પુલ નવો બનશે તેવી આશા સેવાતી હતી. પરંતુ નેશનલ હાઈવે વિભાગને પણ પુલની મરામત કરવાનું યાદ આવતું નથી.

અમરેલીથી રાજકોટ જતાં વાહનો પણ આ પુલ પરથી પસાર થતાં



હોય છે. દરરરોજ હજારો નાના–મોટા તેમજ ભારે વજનદાર વાહનો પણ પુલ પરથી પસાર થતાં હોય છે. દેશભરમાં આજે પુલ પતાનાં મહેલની જેમ ધરાશાયી થઈ રહ્યા હોય ત્યારે અમરેલી નજીકનાં પુલોને લઈને ચિંતા થાય તે સ્વાભાવિક છે.

## પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે ઠેર–ઠેર દરોડા

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં દારૂબંધીની અમલવારી માટે ૭૮ કેસ થયા

**કુલ ૬૬ ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરાઈ**



અમરેલી, તા. ૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જિલ્લામાં દારૂનું વેચાણ/ સેવન/ વહન અટકાવવા સારૂ સ્પેશ્યલ પ્રોહિબિશન ડ્રાઈવનું આયોજન કરી આ ડ્રાઈવ દરમિયાન અમરેલી જિલ્લામાં દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ દરોડા કરવા ખાસ એકશન પ્લાન તૈયાર કરવામાં આવેલ હતો.


આ ડ્રાઈવ દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દારૂની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર દરોડા પાડી, પ્રોહિબિશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવેલ હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં માથાભારે શખ્સોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી

# અમરેલીની બહારપરા પોલીસ ચોકીને પગ લુછણીયા પર પેટ્રોલ છાંટીને સળગાવવાનો નિષ્ફળ પ્રયાસ

**પોલીસે આરોપી મયંક મહેતા વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી**



અમરેલી, તા. ૮

અમરેલીમાં રહેતા એક આરોપીએ રાત્રી સમયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બહારપરા વિસ્તારમાં બનાવવામાં આવેલ સરકારી પોલીસ ચોકીને સળગાવી દેવાના ઈરાદાથી જાણી જોઈને એક પ્લાસ્ટીકની બોટલમાં પેટ્રોલ જેવુ

અનુસંધાન પાના ૬ ઉપર

## સાવરકુંડલા નજીક આવેલ

# જુના સાવર ગામે ઈકો કારમાં અચાનક આગ લાગતા દોડધામ

**સદ્‌નસીબે કારમાં સવારનો આબાદ બચાવ**

અમરેલી, તા. ૮

છેલ્લા કેટલાંક સમયથી લોકોમાં કાર ચલાવવાનો શોખ વધ્યો છે. ત્યારે અકસ્માતના બનાવોમાં તથા કારમાં આગ લાગવાની ઘટનામાં પણ વધારો થવાવાળા પામેલ છે. ત્યારે આજે સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર ગામે એક પ્રસંગમાં આવેલ ઈકો કારમાં કોઈ કારણોસર આગ લાગતા ગેસ સંચાલીત ઈકો કાર આગમાં ભસ્મીભૂત થઈ જવા પામી હતી.



આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામેથી જૂનાસાવર ગામે એક પ્રસંગમાં આવેલ ઈકો કાર જુના સાવર ગામે એસબીઆઈ બેંક શાખા

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારનું જબ્બરૂ ટવિટ્

# મોગલોએ ૪૦૦ અને અંગ્રેજોએ ૧૫૦ વર્ષ અને આઝાદી બાદ આપણા પોતાનાં લોકો લૂંટી રહ્યા છે

**ભ્રષ્ટાચાર વિરૂધ્ધ જનતાએ પણ જાગૃત્ત થવાની જરૂર છે**






અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારનો આત્મા તેમના પક્ષાની સરકારની કાર્યશૈલી સામે અવારનવાર બંડ પોકારતો હોય તેમ તેઓ સોશ્યલ મીડિયાનાં માધ્યમથી જબરદસ્ત પ્રહારો કરે છે.



તેઓએ આ સંદે વાયરલ કરતા જણાવેલ છે કે, ચાની લારીએ પ્લાસ્ટિકના કપમાંથી ચાની ચુસ્કી લેતા

અનુસંધાન પાના ૬ ઉપર

## મગજમાં શું ધૂન ચડી તે સમજાયું નહી

# અમરેલીનાં સ્વામીનારાયણ–૨ માં રહેતા યુવકે પોતાનાં રહેણાંક મકાનમાં આગ લગાવી

**રૂપિયા ૨૨ હજારનું નુકસાન કરી નાસી ગયો**

અમરેલી, તા. ૮

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ બ્રાહ્મણ સોસાયટીના સ્વામીનારાયણ નગર–૨ માં રહેતા વિરલ ઉર્ફે લાલો બટુકભાઈ ભટ્ટી નામનાં ઈસમે ગત તા. ૬ ના રાત્રીના આશરે સાડા નવેકથી પોણા દસેક વાગ્યા આસપાસ પોતાના રહેણાંક મકાને પોતે એકલો હાજર હતો. તેદરમ્યાન પોતાના રહેણાંક મકાનમાં રહેલ કબાટ, ભગવાનનુ મંદિર તથા કાચની બારીઓ તોડી નાખી અને પોતાના ઘરને સળગાવી નાંખી અને મકાનને બ્લાસ્ટ કરવાના ઈરાદે રસોડામાં રાંધણ

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)